dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 334 | AD - 2025, Bhadarva Vad-02 | Tuesday, Dt.09-09-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**નેપાળમાં સરકારી ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર તાજેતરના પ્રતિબંધ સામે પ્રદર્શનો, કાઠમંડુમાં કર્ફ્યુ, જોતાં જ ગોળી મારવાનો આદેશ**

# નેપાળમાં યુવાનો રસ્તા પર ઉતર્યા : પોલીસ ગોળીબારમાં ૨૦ લોકોના મોત

કાઠમંડુ,તા.૮

નેપાળમાં સરકારી ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર તાજેતરના પ્રતિબંધ સામે પ્રદર્શનો તીવ્ર બન્યા છે. જનરેશન ઝેડ રસ્તા પર ઉતરી આવ્યું અને પ્રદર્શન કર્યું હતું. યુવાનોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ઘણા પ્રદર્શનકારીઓ સંસદ ભવનમાં પણ પ્રવેશ્યા. સુરક્ષા દળોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેઓ વધુ બેકાબૂ બન્યા અને બેરિકેડ કૂદીને અહીં-ત્યાં દોડવા લાગ્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળો પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો. ટીયર ગેસના શેલ છોડ્યા. પાણીનો મારો ચલાવ્યો અને કેટલીક જગ્યાએ ગોળીબાર પણ કર્યો હતો. આ દરમિયાન ૨૦ લોકોનાં મોત થયા અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. કાઠમંડુના નવા બાનેશ્વર અને ઝાપા જિલ્લાના દમકમાં પરિસ્થિતિ સૌથી ખરાબ છે. વધતા વિરોધ પ્રદર્શનો વચ્ચે નેપાળના ગૃહમંત્રી રમેશ લેખકે રાજીનામું આપી દીધું છે. સુત્રોના જણાવ્યા અનુસાર, નવા બાનેશ્વરમાં હિંસક અથડામણ દરમિયાન ગોળીથી ઘાયલ થયેલા એક પ્રદર્શનકારીનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. હાલમાં ઘણા ઘાયલોની ઓળખ હજુ સુધી જાણી શકાઈ નથી. દમકમાં, પ્રદર્શનકારીઓએ દમક ચોકથી મ્યુનિસિપલ ઓફિસ તરફ કૂચ કરી, જ્યાં તેઓએ નેપાળી વડાપ્રધાન કેપી શર્મા ઓલીનું પુતળું બાળ્યું અને ઓફિસનો દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો. પરિસ્થિતિ વધુ વણસી ન જાય તે માટે સેના તૈનાત કરવામાં આવી છે. નેપાળમાં સવારથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો બાદ સોશિયલ મીડિયા ફરી શરૂ થયું છે. આ વિરોધ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત થયા છે, જ્યારે ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ Gen-Z એટલે કે ૧૮ થી ૩૦ વર્ષની વયના યુવાનો કરી રહ્યા હતા. આ વિરોધ પ્રદર્શન હજુ પણ ચાલુ છે. સોમવારે સવારે, સોશિયલ




મીડિયા પર પ્રતિબંધ અને સરકારી ભ્રષ્ટાચારના વિરોધમાં ૧૨,૦૦૦ થી વધુ યુવા પ્રદર્શનકારીઓ સંસદ ભવન પરિસરમાં ઘૂસી ગયા, ત્યારબાદ સેનાએ અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. નેપાળના ઈતિહાસમાં સંસદમાં ઘૂસણખોરીનો આ પહેલો કિસ્સો છે. અહેવાલ મુજબ, વિરોધીઓએ સંસદના ગેટ નંબર ૧ અને ૨ પર કબજો જમાવી લીધો હતો. આ પછી, સંસદ ભવન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પીએમ નિવાસસ્થાન નજીકના વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. કાઠમંડુ વહીવટીતંત્રે તોડફોડ કરનારાઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યો છે. ૩ સપ્ટેમ્બરના રોજ, નેપાળ સરકારે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ સહિત ૨૬ સોશિયલ મીડિયા સાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો. આ પ્લેટફોર્મ્સ નેપાળના સંચાર અને માહિતી ટેકનોલોજી મંત્રાલયમાં રિજસ્ટર્ડ નહોતા. આ માટે, મંત્રાલયે ૨૮ ઑગસ્ટના રોજ એક આદેશ જારી કર્યો હતો અને ૭ દિવસનો સમય આપ્યો હતો, આ સમયમર્યાદા ૨ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ ગઈ હતી. ન્યૂ બાણેશ્વરમાં પ્રદર્શન દરમિયાન પોલીસ ગોળીબારમાં કેટલાક પ્રદર્શનકારીઓ પણ ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે એવરેસ્ટ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અને નજીકની અન્ય હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે. કાર્યકર્તા રોનેશ પ્રધાને જણાવ્યું હતું કે હમી નેપાળ સંગઠને પ્રદર્શનકારીઓને પ્રાથમિક સારવાર આપવા માટે મૈતીઘરમાં પ્રાથમિક સારવાર કેમ્પ સ્થાપ્યો છે. પ્રધાને કહ્યું, 'મૈતીઘરમાં છ થી સાત લોકોની સારવાર ચાલી રહી છે, જ્યારે મોટાભાગના ઘાયલો એવરેસ્ટ હોસ્પિટલમાં છે.' જોકે, ઘાયલોની ચોક્કસ સંખ્યાની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. એવું કહેવામાં આવ્યું હતું કે સોમવારે સવારે ૯ વાગ્યાથી, કાઠમંડુના મૈતિઘરમાં વિરોધીઓ એકઠા થવા લાગ્યા હતા. તાજેતરના દિવસોમાં 'નેપો કિડ' અને 'નેપો બેબીઝ' જેવા હેશટેગ્સ ઓનલાઈન ટ્રેન્ડ કરી રહ્યા છે. સરકાર દ્વારા નોંધણી વગરના પ્લેટફોર્મને બ્લોક કરવાના નિર્ણય પછી તેને વધુ વેગ મળ્યો છે. કાઠમંડુ જિલ્લા વહીવટી કાર્યાલય અનુસાર, 'હામી નેપાળ' એ આ રેલીનું આયોજન કર્યું હતું. આ માટે પૂર્વ પરવાનગી લેવામાં આવી હતી. જૂથના પ્રમુખ સુધન ગુરુંગે કહ્યું કે આ વિરોધ સરકારી કાર્યવાહી અને ભ્રષ્ટાચાર સામે છે. દેશભરમાં આવા જ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને તેમના ગણવેશ પહેરીને અને પુસ્તકો લઈને વિરોધમાં જોડાવા પણ વિનંતી કરી છે.

**લોકસભા અને રાજ્યસભા બંનેના સભ્યો દ્વારા મતદાન થશે**

## ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે આજે મતદાન : બંને ગઠબંધનોને જીતનો વિશ્વાસ

નવીદિલ્હી, તા.૮

દેશની ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે મંગળવાર, ૯ સપ્ટેમ્બરના રોજ મતદાન થશે. આ પહેલા, શાસક એનડીએ અને ઈન્ડિયા બ્લોક પોતપોતાના ઉમેદવારો માટે સમર્થન મેળવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. આ રસપ્રદ ચૂંટણીમાં, બંને ગઠબંધનોને પોતાની જીતનો વિશ્વાસ છે, પરંતુ રસ્તો એટલો સરળ નથી. હકીકતમાં, ગયા મહિને જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું, જેના પછી આ ચૂંટણી યોજાઈ રહી છે. આ ૧૭મી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી છે. આ પદ માટે ચૂંટણી એક ઈલેક્ટોરલ કોલેજ દ્વારા કરવામાં આવે છે, જેમાં લોકસભા અને રાજ્યસભા બંનેના સભ્યોનો સમાવેશ થાય છે. આ વખતે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં, તમિલનાડુના ભાજપના વરિષ્ઠ નેતા સીપી રાધાકૃષ્ણન અને આંધ્રપ્રદેશના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડી વચ્ચે સ્પર્ધા છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ રાધાકૃષ્ણનને ભાજપ સંગઠનનો વફાદાર અને વિશ્વસનીય ચહેરો માનવામાં આવે છે અને તે દક્ષિણ ભારતમાં તેની હાજરી મજબૂત કરવાની પાર્ટીની રણનીતિનો એક ભાગ છે. બીજી તરફ, સુદર્શન રેડ્ડી ન્યાયતંત્રમાં તેમની પ્રામાણિક અને ન્યાયી છબી માટે જાણીતા છે. વિપક્ષ માને છે કે તેઓ બંધારણ અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા માટે કામ કરે છે.

## મણિપુરમાં વડાપ્રધાનની મુલાકાત અંગે રાજ્યપાલની ઉચ્ચસ્તરીય બેઠક

(એચ.એસ.એલ),ઈમ્ફાલ,તા.૮

મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ ઈમ્ફાલના રાજભવનમાં ભાજપના ધારાસભ્યો, રાજ્ય ભાજપ પ્રમુખ અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રસ્તાવિત રાજ્ય મુલાકાતને કારણે યોજાઈ હતી. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી



નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩ સપ્ટેમ્બરે મણિપુરને અડીને આવેલા રાજ્ય મિઝોરમ આવી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે તેઓ મિઝોરમ પછી મણિપુર પણ આવી શકે છે. તેમની સંભવિત મુલાકાત માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. પીએમ મોદીના આગમનની અટકળો સાથે, રાજ્યમાં મહત્વપૂર્ણ રાજકીય પરિવર્તનની અટકળો છે.

## પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં ૭૫,૦૦૦ આરોગ્ય શિબિરોનું આયોજન કરાશે

નવીદિલ્હી,તા.૮

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી દેશભરમાં ૭૫,૦૦૦ આરોગ્ય શિબિરો સ્થાપવાની જાહેરાત કરી છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ, પીએમ સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો પ્રારંભ કરશે, જેનો હેતુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે. પોષણ મહિનો તમામ આંગણવાડીઓમાં ઉજવવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય પોષણ અને આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ કહ્યું છે કે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી દેશમાં ૭૫,૦૦૦ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. એટલે કે, આ શિબિરો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસથી ગાંધી જયંતિ સુધી ચાલશે. કેન્દ્રીય પ્રધાન નડ્ડાએ કહ્યું કે ૧૭ સપ્ટેમ્બરે, પીએમ મોદી 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' શરૂ કરશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય મહિલાઓ અને બાળકો માટે આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવાનો છે, તેમની સારી પહોંચ, ગુણવત્તાયુક્ત સંભાળ અને જાગૃતિ સુનિશ્ચિત કરવાનો છે.










# લીલીયા તાલુકામાં અતિવૃષ્ટિમાં થયેલ નુકસાનીમાં વિવિધ ગામને થયેલા અન્યાયને દૂર કરવાની સરપંચોની રજૂઆત

**માગણી નહીં સ્વીકારાય તો આંદોલનની ચીમકી**

લીલીયા,તા.૦૮

લીલીયા તાલુકામાં અતિવૃષ્ટિમાં થયેલ નુકસાની બાબતે અમુક ગામોને થયેલ અન્યાયને મુદ્દે સરપંચોમાં નારાજગી વ્યાપી છે. લીલીયા મોટા સરપંચ એસોસિએશનના પ્રમુખની આગેવાનીમાં ખેડૂતો દ્વારા અતિવૃષ્ટિ ૨૦૨૪ની સહાયમાં બાકી રહેલા ગામોનો સમાવેશ કરવાની ઉગ્ર રજૂઆત થઈ હતી. ગાગડીયા તથા શેત્રુંજીની આસપાસના અમુક ગામોનો સમાવેશ કરેલ તથા તેમને અડીને આવેલા બેથી ત્રણ કિ.મી. આસપાસના ગામો છોડી દીધેલ છે તો તે ગામોનો તાત્કાલિક સમાવેશ કરવા અગાઉ પત્ર મારફત ઉગ્ર રજૂઆત કરવામાં આવેલ હોવા છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતા તાલુકા પંચાયત કચેરી ખાતે સરપંચોએ એકઠા થઈ રજૂઆત કરી હતી. આગામી દિવસોમાં સહાયથી વંચિત રહેલા તમામ ગામોનો જો સમાવેશ કરવામાં નહીં આવે



તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદીએ પણ લીલીયા તાલુકાના તમામ ગામના ખેડૂતોને ધોવાણ સહાય આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, તાલુકાના માત્ર દસ ગામોને સરકાર તરફથી સહાય મળી છે પરંતુ તમામ ૩૭ ગામોને સહાય આપવાની માગણી છે.

જો આ માગણી નહીં સ્વીકારાય તો આંદોલન કરવું પડશે, તેવી ચીમકી પણ તેમણે આપી હતી. વધુમાં ગોઢાવદર ગામના સરપંચ અને ગ્રામજનોએ આ મુદ્દે જિલ્લા કલેક્ટરને અલગથી પત્ર લખીને સહાય કરવા માગણી કરી છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો જલદ આંદોલન કરવાની ચેતવણી આપી છે. આ અંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને જિલ્લા ખેતીવાડી અધિકારીને પણ રજૂઆત કરાઈ છે. શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, ગોઢાવદરના સરપંચ વિજયભાઈ ગજેરા, રાશિભાઈ ડેર, હિતેશભાઈ પરમાર, વિલાસપરી બાપુ, પ્રફુલભાઈ ગજેરા, અશોકભાઈ નારોલા, રસીકભાઈ ગજેરા વગેરેએ રજૂઆત કરી છે.

# કૌશિક વેકરીયાની હાજરીમાં માયાપાદરના સરપંચ સહિત ૧૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

વડીયા, તા.૦૮

વડીયા તાલુકાના કોંગ્રેસના ગઢ ગણાતા માયાપાદર ગામમાં રાજકીય સમીકરણો બદલાયા છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં ગામના સરપંચ રવિભાઈ વાળા, ઉપસરપંચ અને ગ્રામ પંચાયતની આખી ટીમ સહિત ૧૦૦થી વધુ કોંગ્રેસ કાર્યકરો ભાજપમાં



જોડાયા છે. આ તમામ કાર્યકરોનું કૌશિકભાઈ વેકરીયાએ ભાજપનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ કાર્યકરો વિકાસ, રાષ્ટ્રવાદ અને સુશાસનના વિશ્વાસ સાથે ભાજપમાં સામેલ થયા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી બાદ આ વિસ્તારમાં રાજકીય સમીકરણો બદલાયા છે. માયાપાદરમાં થયેલા આ મોટા જોડાણથી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે, જ્યારે ભાજપની તાકાત વધી છે. કૌશિકભાઈ વેકરીયાએ આ પરિવર્તનને ગામના વિકાસ માટે મહત્વનું ગણાવ્યું. આ ઘટના આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસ માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે.

# અમરેલી જિલ્લાની શરાફી મંડળીના સભ્યો દિલ્હીમાં ઈફકો ઓફિસની મુલાકાતે

અમરેલી,તા.૦૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સંઘ દ્વારા ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ નવી દિલ્હી ખાતે ત્રણ દિવસીય લીડરશીપ ડેવલપમેન્ટ તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમમાં



અમરેલી જિલ્લાની વિવિધ સેવા અને શરાફી મંડળીઓના ૫૨ સદસ્યોને મોકલવામાં આવેલ. આ સભ્યોએ ત્યાં ઈફકો ઓફિસની મુલાકાત લીધી હતી. જ્યાં તમામનું સ્વાગત કરવામાં આવેલ અને તેમને નેનો યુરિયા અને નેનો ડીએપીની શોર્ટ ફિલ્મ દ્વારા માહિતી આપવામાં આવેલ હતી. આ અવસરે મનીષ સંઘાણીએ નેનો યુરિયા અને નેનો ડીએપીના લાભ વિશે માહિતી આપી હતી અને ખેડૂતોને તેનો વપરાશ કરવા અપીલ કરી હતી.

# યુવા નેતા મનીષ સંઘાણીની રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ સંસ્થાના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક

અમરેલી,તા.૦૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની રાષ્ટ્રીય સહકારી પ્રશિક્ષણ અને અનુસંધાન સંસ્થામાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે નિમણૂક કરવામાં



આવી છે. આ સંસ્થા સહકારી ક્ષેત્રની તાલીમ અને સંશોધનનું કાર્ય કરે છે, ત્યારે આ મહત્વની જવાબદારી મળતા સમગ્ર અમરેલી જિલ્લામાં ખુશીની લહેર જોવા મળી છે. આ નિમણૂકને પગલે જિલ્લાના સહકારી આગેવાનો દ્વારા મનીષ સંઘાણીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

**અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષને રાષ્ટ્રીય સ્તરે મહત્વની જવાબદારી મળતા સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી**

# બાબાપુર ખાતે ગેબીનાથદાદાની જગ્યાએ ભજનનો કાર્યક્રમ યોજાયો



બાબાપુર,તા.૦૮

બાબાપુર ગામ ખાતે ગેબીનાથદાદાની જગ્યાના પટાંગણમાં ભજનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભક્તજનો બહુ જ બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. દર પૂનમે નવાં કલાકાર ભજન માટે આવતા હોય છે.

# વિઠલપુરમાં ખેડૂતોનો સાધન વિતરણ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૦૮

અમરેલી તાલુકાના ખેડૂતોને સરકારી યોજનામાંથી સબસિડીમાં મંજૂર થયેલી સાધન સહાયનું તા.૦૮ના રોજ વિઠલપુરમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે ખેતીવાડી ખાતા દ્વારા યોજાયેલા કેમ્પમાં વિઠલપુર, ચાંપાથળ, પીઠવાજાળ, તરકતળાવ અને રાજસ્થળી ગામના ખેડૂતોને થ્રેસર, ટ્રેક્ટર, ટ્રેક્ટરના સાધનો



વગેરેનું વિતરણ કરવામાં આવેલ હતું. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, ખેતી વિભાગના અધિકારીઓ-વિકાસ ડામોર, રાહુલભાઈ શેખવા, ગ્રામ સેવક માયાબેન કંડોળીયા, ગામના સરપંચ ભાવેશભાઈ ગોંડલીયા, ગામના આગેવાનો, ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં પાંચ દીકરીઓએ પિતાને કાંધ આપી, અગ્નિદાહ કરી સમાજ માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાના સુથાર સમાજમાં એક અત્યંત હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયક ઘટના જોવા મળી છે. જ્યાં ધનજીભાઈ બાબુભાઈ સોનિગરા (ઉં.વ. ૭૫)ના અવસાન બાદ તેમની પાંચ દીકરીઓએ પુત્રની ગેરહાજરી અનુભવવા દીધી નહોતી અને પિતાના અંતિમ સંસ્કારની તમામ વિધિઓ જાતે કરીને



'દીકરો-દીકરી એક સમાન'ના ઉચ્ચ વિચારને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. સામાન્ય રીતે ધાર્મિક પરંપરાઓ અનુસાર, અંતિમયાત્રામાં કાંધ આપવા અને અગ્નિદાહ આપવાનું કાર્ય દીકરાઓ દ્વારા કરવામાં આવે છે. પરંતુ, ધનજીભાઈની પાંચ સંસ્કારી દીકરીઓએ સ્મશાન સુધી કાંધ આપીને દીકરી તરીકેની તેમની ફરજ નિભાવી. ત્યારબાદ, સ્મશાનભૂમિમાં પણ આ પાંચેય દીકરીઓએ જ ચિતાને અગ્નિદાહ આપીને પિતાને મોક્ષની યાત્રામાં સહાય કરી. આ હૃદયસ્પર્શી દ્રશ્યોએ ઉપસ્થિત સૌને ભાવુક કર્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સા.કુંડલામાં શિક્ષક દિનની અનોખી ઉજવણી

સાવરકુંડલા, તા.૦૮

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી. આ દિવસે, વિદ્યાર્થીઓએ શિક્ષકો, આચાર્યો અને વહીવટી સ્ટાફની ભૂમિકા ભજવી હતી. સારી ભૂમિકા ભજવનારા



વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, અને તેના પરિણામો સોમવારે પ્રાર્થના સભામાં જાહેર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ગુરુકુળના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી, પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે ગુરુકુળ પરિવાર અને ખાસ કરીને કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામીએ ભારે જહેમત ઉઠાવી હતી.









**તસ્કરોએ મકાનમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રકમ અને સોના ચાંદીના દાગીનાની લૂંટ કરી હતી**

# લીલીયાના આંબા અને અમરેલીના નાના ગોખરવાળા ગામે થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

**પોલીસે સગીર સહિત બે શખ્સોને ઝડપી મુદ્દામાલ કબજે કર્યો**

અમરેલી તા.૦૮

લીલીયા તાલુકાના આંબા ગામે ધોળા દિવસે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડ અને સોના ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી હતી તેમજ અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામે પણ તસ્કરોએ મકાનને નિશાન બનાવી લૂંટ ચલાવી હતી.

આ ઘટના બન્યા બાદ અમરેલી જિલ્લા પોલીસ સતર્ક બની હતી અને લીલીયા પોલીસ દ્વારા તસ્કરોને ઝડપી પાડવા જુદી જુદી ટીમ બનાવી હતી. જેમાં બાતમીદારો અને ટેકનિકલ સોર્સની મદદથી સગીર સહિત બે લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. લીલીયા તાલુકાના આંબા ગામે ગત તા. ૨૯ના રોજ ધોળા દિવસે ખોડાભાઈ રવજીભાઈ સાવજના રહેણાંક મકાનમાં તસ્કરોએ પ્રવેશ કરી મકાનના દરવાજા તોડી તિજોરીમાં રાખેલ રકમ તેમજ સોનાના દાગીનાની



લૂંટ ચલાવી નાસી ગયા હતા. જેથી આ અંગે ખોડાભાઈએ મકાનમાંથી રોકડ રકમ અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૮.૭૧ લાખની ચોરી થઈ હોવાની ફરિયાદ લીલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેથી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન નીચે લીલીયા પીઆઈ એમ.ડી. સાલુકે દ્વારા તસ્કરોને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવવામાં આવી હતી અને ટેકનિકલ સોર્સ અને સીસીટીવી કેમેરાની મદદથી એક શંકાસ્પદ મોટરસાયકલ દેખાતા પોલીસ મોટરસાઈકલના નંબરના આધારે માલિક સુધી પહોંચી હતી.

પોલીસે મોટરસાયકલના માલિકની પૂછપરછ કરતા આ ચોરી કરનાર ઉમેશ શેરૂ પરમાર રહે.સાવરકુંડલા રોડ, અમરેલી તેમજ એક સગીર વયના ઈસમની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૧.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આરોપીઓની સઘન પૂછપરછ કરતા આરોપીઓએ અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામે પણ એક રહેણાંક મકાનમાં ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આમ લીલીયાના આંબા ગામે થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં લીલીયા પોલીસને સફળતા મળી છે.

## સા.કુંડલામાં ઈદે મિલાદુન્નબીની ઉજવણી: દર્દીઓને ફ્રુટ વિતરણ

સાવરકુંડલા, તા.૦૮



ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ પયગંબર સાહેબના જન્મદિવસ, ઈદે મિલાદુન્નબીના પવિત્ર તહેવાર નિમિત્તે સાવરકુંડલામાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. પીર સૈયદ મુનિરબાપુ કાદરીની આગેવાની હેઠળ, શહેરની તમામ ખાનગી, સરકારી અને સંસ્થાકીય હોસ્પિટલોમાં દાખલ દર્દીઓને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સરાહનીય કાર્યક્રમમાં અલીભાઈ જાખરા, ઈકબાલ ગોરી, અક્રમ ખોખર અને અન્ય સભ્યોએ સક્રિય ભાગ લીધો હતો.

## મોટા આંકડીયામાં ધારાસભ્ય કૌશિક વેકરીયાની હાજરીમાં પ્રાકૃતિક કૃષિ અને અંજીરની ખેતી પર કૃષિ શિબિર યોજાઈ

અમરેલી, તા.૦૮

અમરેલીના મોટા આંકડીયા ગામે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને પ્રફૂલભાઈ સેંજલીયાની ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ અને અંજીરની ખેતી' વિષય પર એક સફળ કૃષિ શિબિર યોજાઈ હતી. જેમાં આસપાસના ગામોના ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ શિબિરનું આયોજન



પ્રગતિશીલ ખેડૂત ભગવાનભાઈ સવસૈયા અને તેમના પરિવારે કર્યું હતું. શિબિરમાં પ્રાકૃતિક રીતે ઉગાડેલા અંજીરના પાકનું નિદર્શન કરવામાં આવ્યું હતું અને ખેતીની પદ્ધતિ તેમજ પ્રોસેસિંગ પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી હતી. વેધર એક્સપર્ટ પરેશભાઈ ગોસ્વામીએ બદલાતા હવામાનની પાક પર થતી અસરો વિશે માર્ગદર્શન આપ્યું હતું. પ્રફૂલભાઈ સેંજલીયાએ ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા પર ભાર મૂક્યો અને જણાવ્યું કે તે જમીનની ફળદ્રુપતા અને માનવ આરોગ્ય માટે અત્યંત જરૂરી છે. આ શિબિરથી ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વધુ પ્રેરાયા છે.

## અમરેલીમાં કૃષિ ટેકનોલોજી વીક-૨૦૨૫નો પ્રારંભ કરાયો

અમરેલી, તા.૦૮



જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે તા. ૮ સપ્ટેમ્બરથી 'ટેકનોલોજી વીક-૨૦૨૫'નો પ્રારંભ થયો છે. ડૉ. મીનાક્ષી બારીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો હેતુ ખેડૂતોને આધુનિક કૃષિ ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓથી માહિતગાર કરવાનો છે. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. વી.પી. ચોવટીયા દ્વારા થયું હતું. કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને વિવિધ પાકોની નવી જાતો, પ્રાકૃતિક ખેતી, અને કપાસમાં પોષણ વ્યવસ્થાપન વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો.

## લીલીયા તાલુકામાં નેત્રદાન જાગૃતિ પખવાડિયાનો શુભારંભ કરાયો, લોકોમાં જાગૃતિ ફેલાવાશે

લીલીયા, તા.૦૮

લોકદ્રષ્ટિ ચક્ષુબેંક, લીલીયા દ્વારા નેત્રદાન જાગૃતિ પખવાડિયાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ માનવતાવાદી કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નેત્રદાન, દેહદાન અને અંગદાનનું મહત્ત્વ સમજાવી લોકોને તેમાં સહભાગી થવા માટે પ્રેરિત કરવાનો છે. લોકદ્રષ્ટિ



ચક્ષુબેંકના પ્રમુખ ડૉ. પ્રફુલભાઈ શિરોયા અને ઉપપ્રમુખ દિનેશભાઈ જોગાણી સહિતના સ્વયંસેવકોએ આ અભિયાનને વેગ આપ્યો છે. આ પ્રસંગે, ડૉ. જયંતિભાઈ કુંભાણીએ પ્રથમ નેત્રદાનનો સંકલ્પ લીધો હતો. નટુભાઈ વસોયાએ નેત્ર પ્રત્યારોપણ માટે આર્થિક સહયોગની તૈયારી દર્શાવી હતી. ડૉ. દિનેશભાઈ જોગાણીએ નેત્રદાન શા માટે જરૂરી છે, કોણ નેત્રદાન કરી શકે અને તેનાથી કોને લાભ થાય તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

## ધારીમાં ભાજપનો શક્તિ કેન્દ્ર સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

ધારી,તા.૦૮

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ધારીના લાયન્સ ડેન રિસોર્ટ ખાતે સંયોજક પ્રશિક્ષણ વર્ગ યોજાયેલ હતો. અપેક્ષિત કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ધારી વિધાનસભાના શક્તિ કેન્દ્ર સંયોજકોના સંયુક્ત પ્રશિક્ષણ વર્ગમાં કાર્યકર્તાઓને ભાજપના શિસ્તબદ્ધ કાર્યકર્તા તરીકેની ફરજ/જવાબદારી/કર્તવ્ય અને સામાજીક વ્યવહાર અંગે



માર્ગદર્શન આપેલ. આ અભ્યાસ વર્ગના વાલી તરીકે ભાવનગર ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોત, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા અને અમરેલી જિલ્લા પંચાયત સદસ્યો ઉપસ્થિત રહેલ હતા.

## અવસાન નોંધ

**કોડીનાર**

કોડીનાર નિવાસી ગાયત્રી પરિવારવાળા જયેન્દ્રભાઈ બાલાપ્રસાદ મિશ્રા (ઉ.વ.૬૮) તે ઇન્દુબેનના પતિ તથા હાર્દિકભાઈ (કેનેડા) અને જયભાઈ (જિલ્લા માહિતી વિભાગ અમરેલી)ના પિતા તેમજ જીતુભાઈ મિશ્રા અને રીટાબેન શૈલેન્દ્રકુમાર પંડ્યા (જૂનાગઢ)ના મોટાભાઈ તથા સ્વ. કાંતિલાલ દયાશંકર ત્રિવેદી (અમદાવાદ) ના જમાઈનું તા. ૬ ના રોજ દુ:ખદ અવસાન થયું છે.

### લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ

**:: જાહેર સુચના ::**

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ ''કપાસ કિસાન'' મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.




BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@ 40% OFF
BUY 3@ 50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર
■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.140/2025

**પ્રતિ,**
શ્રી ગોવિંદભાઈ રાણાભાઈ ઝાલા,
રહે. આણંદપુર, ગામ- આણંદપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા કોડીનાર .....અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, આણંદપુર,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના આણંદપુર ગામના રહીશ હરિભાઈ રાણાભાઈ ઝાલા તથા મંજુલાબેન હરિભાઈ ઝાલાના પુત્ર ગીતાબેન હરિભાઈ ઝાલાનો જન્મ તારીખ: **21/01/1993**ના રોજ કોડીનાર તાલુકાના આણંદપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, આણંદપુર, તાલુકો-કોડીનાર સને **1993** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૫૮/૨૦૨૫

અરજદાર :- શ્રી મહેન્દ્રભાઈ મોહનભાઈ વૈષ્ણવ
રહે. શેડુભાર, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેડુભાર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં મહેન્દ્રભાઈ મોહનભાઈ વૈષ્ણવ તેઓના દાદીમા દુધીબેન ગોગનભાઈ વૈષ્ણવની મરણ (તા.૨૨/૦૪/૧૯૮૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**



- કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય





**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
**મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩** સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮


### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.143/2025

**પ્રતિ,**
શ્રી લક્ષ્મીબેન ભગવાનભાઈ પરમાર,
રહે. મિતિયાજ, ગામ- મિતિયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા કોડીનાર ..... અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મિતિયાજ,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના રહીશ ભગવાનભાઈ વિજાણંદભાઈ પરમાર તથા લક્ષ્મીબેન ભગવાનભાઈ પરમારના પુત્ર ગોવિંદભાઈ ભગવાનભાઈ પરમારનો જન્મ તારીખ: **22/04/1978**ના રોજ કોડીનાર તાલુકાના મિતિયાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, મિતિયાજ, તાલુકો-કોડીનાર સને **1978** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૬૯/૨૦૨૫

અરજદારશ્રી:- રમેશચંદ્ર જમનાદાસ મણીયાર,
રે.હવેલીશેરી સામે, સાવરકુંડલા તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી ત્રિભોવનભાઈ મનજીભાઈ મણીયારનું મરણ તા.૧૩/૦૧/૧૯૪૬ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૬૭/૨૦૨૫

અરજદારશ્રી:- રમેશચંદ્ર જમનાદાસ મણીયાર,
રે.હવેલીશેરી સામે, સાવરકુંડલા તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી નર્મદાબેન ત્રિભોવનભાઈ મણીયારનું મરણ તા.૨૬/૦૫/૧૯૪૦ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૬૮/૨૦૨૫

અરજદારશ્રી:- રમેશચંદ્ર જમનાદાસ મણીયાર,
રે.હવેલીશેરી સામે, સાવરકુંડલા તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટાબાપુશ્રી ડુંગરશીભાઈ ત્રિભોવનભાઈ મણીયારનું મરણ તા.૦૯/૦૯/૧૯૬૩ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# રાજુલામાં ધારેશ્વર વિજપડી રોડ ઉપર કોન્ટ્રાકટર દ્વારા જાહેર માર્ગ તોડાતા સ્થાનિકોમાં આક્રોશ

રાજુલા, તા.૦૮

રાજુલા તાલુકાના ધારેશ્વર ધાતરવડી ડેમમાંથી નગરપાલિકા માટે પીવાના પાણીની પાઈપલાઈન નાખવા માટે **GUDC** વિભાગ દ્વારા પ્રાઈવેટ કંપની "વીસી પ્રોજેકટ એન્ડ ઈન્ફ્રા"ના કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી કામ ગોકળગાય ગતિએ ચાલતું હતું. અંતે માર્ગ-મકાન વિભાગનો રોડ તોડીને પાઈપલાઈન નાખવા માટેની કામગીરી શરૂ કરતા વિવાદ સર્જાયો છે. અહીં સ્થાનિક સરપંચોથી લઈ આગેવાનો દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં કોન્ટ્રાકટર દ્વારા કોઈ ગંભીરતા લેવાતી નથી. નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે. રાત્રીના સમયે બાઈક ચાલકો અંદર ઘૂસી જાય છે. સેફટીના સાધનો નથી. ઉપરાંત સ્થાનિક લોકોએ તો કોન્ટ્રાકટર માથાભારે હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. હાલ મોટાભાગે માર્ગ ઉપર મોટી ગટરની સાથે માર્ગ મકાન વિભાગને મોટું નુકસાન કરી દીધુ છે તેમ છતાં કોઈ કાર્યવાહી નહિ કરતા ભારે નારાજગીનો માહોલ સ્થાનિક વિસ્તારમાં ઉભો



તસવીર : ગોપાલ રાઠોડ

થયો છે. આ અંગે રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ દ્વારા આ મુદ્દો મુખ્યમંત્રી અને સ્થાનિક ધારાસભ્ય સુધી પહોંચાડવામાં આવ્યો છે. તેમણે આ અંગે કાયદેસરની કાર્યવાહીની માગણી કરી છે. ધારેશ્વરના સરપંચ દિલીપભાઈ સોજીત્રાએ જણાવ્યું કે, આ વિજપડીથી રાજુલા જવાનો રસ્તો છે. અહીં સાતથી આઠ અકસ્માતો થયા છે. સરકાર વહેલાસર તેની સામે કાર્યવાહી કરે તેવી અમારી માગ છે. વાવેરા ગામના ખેડૂત મુકેશભાઈ સોલંકીએ જણાવ્યું 'મારા ખેતરમાં પાઈપ નાખેલી પડી છે, કોન્ટ્રાકટર જેમ ફાવે તેમ નાખે છે, હું મારા ખેતરમાં ખેતી નથી કરી શકતો.' રાજુલા આરએન્ડબી વિભાગના અધિકારી અભિજીતસિંહ ગોહિલે જણાવ્યું કે, 'અમે સ્થળ ઉપર વિઝીટ કરી છે. માર્ગ ઉપર નુકસાન પહોંચાડ્યું છે. **GUDC** વિભાગને નોટિસ આપી છે. અમે કામ બંધ કરવા માટે પણ કહ્યું છે પરંતુ **GUDC** તરફથી અમને જવાબ મળ્યો નથી. લોકોની પણ રજૂઆતો અમારા સુધી આવી છે.'

# સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ રસ્તા ઉપર ગાંડા બાવળનું સામ્રાજ્ય

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ ઉપર બંને સાઈડ બાવળોનું સામ્રાજ્ય જોવા મળે છે. ગોરડકાથી લીખાળા રોડ, ગોરડકાથી મેરીયાણા રોડ, મેરીયાણાથી વીજપડી રોડ, લીખાળા વીજપડી રોડ, લીખાળા ખડસલી રોડ તેમજ વીજપડી ચીખલી રોડ, ચીખલીથી રેલવે સ્ટેશન રોડ જેવા ગ્રામ્ય વિસ્તારોના રોડ



પર વધારે પ્રમાણમાં બાવળનું સામ્રાજ્ય વધી ગયેલ છે અને વન્યપ્રાણીની કનડગત વધારે પ્રમાણમાં હોવાથી તાત્કાલિક અસરથી આ બાવળનું સામ્રાજ્ય દૂર કરવા લોકમાંગ ઉઠી છે.

# સા.કુંડલાની પરિણીતાને પતિએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલાની પરિણીતા પર સાસરિયાએ અત્યાચાર ગુજાર્યો હતો. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સાવરકુંડલામાં રહેતા કાજલબેન જેન્તીભાઈ મકવાણા (ઉ.વ.૨૬)ના લગ્ન ગઢડા તાલુકાના ટાટમ ગામે રહેતા મહેશભાઈ બીજલભાઈ કાહોદરીયા સાથે થયા હતા. લગ્ન બાદ પતિ, દીયર ઘનશ્યામભાઈ બીજલભાઈ કાહોદરીયા તથા સાસુ સવિતાબેને તેમને માનસિક અને શારીરિક દુઃખ ત્રાસ આપી ગાળો દીધી હતી. તેમજ તેના પતિએ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ક્રેડિટ એક્સિસ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા મહિલાઓ માટે જાગૃતિ સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા ખાતે ક્રેડિટ એક્સિસ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ભોજલરામ સેવા સમાજની વાડીમાં મહિલાઓ માટે સામાજિક, આર્થિક અને નાણાકીય સાક્ષરતા અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને આધુનિક યુગના ઓનલાઈન નાણાકીય જોખમોથી બચવા વિશે માહિતગાર કરવાનો



હતો. આ સેમિનારમાં સા.કુંડલાના મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ નાસીરભાઈ બી. ચૌહાણ અને સરદાર પટેલ યુવા ગ્રુપના પ્રમુખ હિતેશભાઈ એમ. જીયાણી પણ હાજર રહ્યા હતા. પૂર્વ ઉપપ્રમુખ નાસીર ચૌહાણે ઓનલાઈન છેતરપિંડી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ઓનલાઈન ફ્રોડથી બચવા માટે સતર્ક રહેવું અને કોઈ પણ અજાણી લિંક કે મેસેજને ક્લિક ન કરવો એ જરૂરી છે. ક્રેડિટ એક્સિસ ઈન્ડિયા ફાઉન્ડેશન પરિવારે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાનો અને તમામ મહિલાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જાફરાબાદમાં યુવતીએ છરીથી હાથની નસ કાપી નાંખતા મોત

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદમાં બલાણા અમૃત તાલીમની બાજુમાં રહેતી એક યુવતીએ પોતાની મેળે છરી વડે હાથની નસ કાપી નાંખતા મોત થયું હતું.

બનાવના પગલે ચકચાર મચી ગઈ હતી. આ અંગે કુંવરબેન ભીખાભાઈ બારૈયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, દક્ષાબેન ભીખાભાઈ બારૈયા (ઉ.વ.૨૨) એ પોતાની મેળે બકાલુ કાપવાની છરી પોતાના ડાબા હાથના કાંડા ઉપર મારી હાથની નસો કાપી નાંખતા મરણ પામી હતી.

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સ્વયંશિક્ષક દિન ઉજવાયો

અમરેલી, તા.૦૮

વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓના અભિવાદન માટે અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૫ સપ્ટેમ્બરનાં દિવસે સ્વયંશિક્ષક દિનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ધો. ૬થી ૧૨નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષક બની શૈક્ષણિક કાર્યનું સંચાલન કર્યું હતું. આચાર્ય તરીકે માધ્યમિક વિભાગમાં



બલદાણીયા પૂર્વ (ધોરણ-૧૨)એ અને પ્રાથમિક વિભાગના વિરાણી કુંજ (ધોરણ-૮)એ કામગીરી કરી હતી. કાર્યક્રમના સમાપન પ્રસંગે સંસ્થાના સંચાલક દંપતી દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ હાજરી આપી પ્રેરક પ્રવચનો કર્યા હતા.

# 'તું બધાની પથારી ફેરવે છે, આજે તારી પથારી ફેરવી નાખવાના છીએ' કહી યુવકને ફટકાર્યો

**સાવરકુંડલા શહેરમાં બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા શહેરમાં એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. એક યુવકને 'તું બધાની પથારી ફેરવે છે, આજે અમો તારી પથારી ફેરવી નાખવાના છીએ' કહીને ફટકાર્યો હતો. બનાવ સંદર્ભે અરવિંદભાઈ સોમાભાઈ નગવાડીયા (ઉ.વ.૨૩) એ લાલુ યાદવ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ સાવરકુંડલા જલારામ સોસાયટીમાંથી ટ્રેક્ટરનો ફેરો લઈને નીકળ્યા હતા. આ દરમિયાન આરોપીએ તેમને ઉભો રાખ્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ઉપરાંત 'તું બધાની પથારી ફેરવે છે, અમો આજે તારી પથારી ફેરવી નાખવાના છીએ' તેમ કહી લાકડીથી માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઈતિહાસ સંશોધક ડૉ. પ્રદ્યુમ્ન ખાચરે શિયાળબેટનો સંશોધન પ્રવાસ ખેડ્યો

રાજુલા, તા.૦૮

રાજુલા પાસે આવેલા ઐતિહાસિક શિયાળબેટ ટાપુનો સંશોધન પ્રવાસ ઈતિહાસ સંશોધક ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચરે પોતાની ટીમ સાથે ખેડ્યો હતો. આ પ્રવાસનો મુખ્ય હેતુ ટાપુ સાથે સંકળાયેલી અનેક ઐતિહાસિક ઘટનાઓ અને લોકકથાઓની સત્યતા તપાસવાનો હતો. આ પ્રવાસ દરમિયાન, ડૉ. ખાચરે ચેલૈયા અને સગાળશા સંબંધિત બાબતો, ગામનું મૂળ નામ 'સહજીગપુર', અને શિયાળ અટકના કોળીઓ દ્વારા ગામનું નામ 'શિયાળબેટ' પડ્યું તે પાછળના કારણોની તપાસ કરી. તેમણે કર્નલ જે.ડબલ્યુ. વોટસનના ૧૮૮૪ના ગ્રંથમાં ઉલ્લેખિત શિલ્પ સ્થાપત્ય, ૧૫૦થી વધુ વાવ અને ગંગા નામના પ્રાચીન તળાવની હાલની સ્થિતિ વિશે પણ માહિતી મેળવી. સંશોધન દરમિયાન, શિયાળબેટમાં મીઠું પાણી મળતું હોવા વિશે અને અનંતસેન ચાવડાએ જૂનાગઢના રા' કવાટને જેલમાંથી છોડાવવાની ઘટના વિશે પણ વધુ જાણકારી મેળવવામાં આવી હતી. ડૉ. ખાચરે લોકસાહિત્યમાં પ્રસિદ્ધ મોરલી નામની કોળી સ્ત્રી અને ઝવેરચંદ મેઘાણીના ઉલ્લેખોને પણ સમજવાનો પ્રયાસ કર્યો.ડૉ. ખાચરે શિયાળબેટના લોકોના જીવનને નજરે જોયું અને તેમની પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કર્યો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૦૯-૦૯-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૦૨,
સૂર્યાસ્ત-૦૬:૩૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૯-૨૦૨૫ મંગળવાર

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

# સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન અંગેનો સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં પીટીસીની તાલીમાર્થી બહેનોને કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાયત કાયદો અને **SHE BOX** પોર્ટલ અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીના જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન મુજબ શનિવારે આ કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનોને મહિલા અને બાળવિકાસ વિભાગની તમામ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી તેમજ યોજનાકીય પેમ્પલેટનું વિતરણ



કરવામાં આવ્યું હતું. સાથો સાથ અત્યારના સમયમાં મહિલા માટેની વિવિધ યોજનાઓ અને સ્ત્રી સશકિતકરણ, નારી સહાયતા માટેના કાયદા, સ્ત્રીઓ પ્રત્યે થતા દૂરવ્યવહારો, અત્યાચારની સામે રક્ષણ આપતા કાયદા અને તે માટે મદદરૂપ થતી વિવિધ સંસ્થાઓની માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં નગરપાલિકા સદસ્ય કેશુભાઈ બગડા, અધ્યાપન મંદિરના પ્રમુખ નીલાબેન વાઘાણી, જિલ્લા મિશન કો ઓર્ડીનેટર હસમુખભાઈ રાઠોડ, મહિલા સહાયતા કેન્દ્ર સાવરકુંડલાના કાઉન્સેલર નજમાબેન દલ, કુટુંબ સલાહ કેન્દ્રના કાઉન્સેલર રફીકભાઈ કુરેશી ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાંથી વાવડી (ધરાઈ) ગામના પુરુષનું બાઈક ચોરાયું

અમરેલી, તા.૦૮

અમરેલી શહેરમાંથી વાવડી (ધરાઈ) ગામના પુરુષનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે ચેતનભાઈ ભુપતભાઈ રાદડીયા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા બાઈક લઈને અમરેલી ગયા હતા. સિટી પોઈન્ટ કોમ્પ્લેક્સની પાછળ શેરીમાં આવેલા ડો. ભાવેશ દવેના હાડકાના દવાખાનાની બહાર પાર્ક કર્યું હતું. ત્યાંથી કોઈ ચોર ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો.

# જિલ્લામાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે પાંચ પ્યાસી ઝડપી પાડ્યા હતા.

અમરેલીમાં નવા બાયપાસ પાસેથી બે, લાઠી, દલખાણીયા, ધારીમાંથી એક-એક મળી કુલ પાંચ શખ્સો ઝડપાયા હતા.

આ સિવાય જિલ્લામાંથી ચાર શખ્સો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં પકડાયા હતા.


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.97/2025

**પ્રતિ,**
શ્રી બાબુભાઈ સવાઈભાઈ સોલંકી,
રહે. મુળદ્વારકા, ગામ- મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ બાબુભાઈ નથુભાઈ સોલંકી તથા પાંચીબેન બાબુભાઈ સોલંકીના પુત્ર સોમચંદભાઈ બાબુભાઈ સોલંકીનો જન્મ તારીખ: **01/06/1968**ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા, તાલુકો-કોડીનાર સને-**1968** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૪૯/૨૦૨૫ તા.૦૨/૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. કાતરીયા સંજયભાઈ જીવાભાઈ
રહે. ઘાંણલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી ઘાંણલા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર કાતરીયા ધાર્મિકભાઈ સંજયભાઈનો જન્મ તા.૨૪/૦૫/૨૦૧૦ ના રોજ મુ.ઘાંણલા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૦૩/૨૫ તા.૩૦/૦૮/૨૦૨૫

**વિવાદી-** **શ્રી અશોકભાઈ રવજીભાઈ વૈષ્ણવ**
**રહે.શેડુભાર, તા.જિ.અમરેલી.**
**મો. ૯૯૭૪૯ ૩૧૯૭૮**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત. ક. મ.શ્રી, જામબરવાળા
જામબરવાળા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના તા.અમરેલીના શેડુભાર ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી દ્રષ્ટિ અશોકભાઈ વૈષ્ણવનો જન્મ તા.૧૭/૦૫/૨૦૦૯ ના રોજ મોજે- જામબરવાળા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ નો કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૧/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

**તંત્રી લેખ**

# ભારતના વિદેશ સંબંધોમાં ઈઝરાયલ અને અમેરિકાનું સમીકરણ

ભારતની વિદેશ નીતિ એક જટિલ અને બહુપરિમાણીય વિષય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે વૈશ્વિક મંચ પર પોતાની ભૂમિકા વધુ મજબૂત કરી છે. આ પ્રક્રિયામાં અમેરિકા અને ઈઝરાયલ જેવા દેશો સાથેના સંબંધો કેન્દ્રસ્થાને રહ્યા છે. જોકે, આ સંબંધોમાં અનેક પડકારો પણ ઉભરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન, પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચેના 'વ્યક્તિગત સંબંધો'ની ઘણી ચર્ચાઓ થઈ, પરંતુ આ સંબંધો પણ ભારત પરના ૫૦% ટેરિફ જેવા આર્થિક તણાવને ટાળી શક્યા નથી. આ ઘટના દર્શાવે છે કે વ્યક્તિગત મિત્રતા કરતાં દેશના હિતો અને આર્થિક નીતિઓ વધુ પ્રભાવી હોય છે. ત્રિપક્ષીય સંબંધોની ગૂંચવણ: ભારત, અમેરિકા અને ઈઝરાયલ- ભારત-અમેરિકાના સંબંધોમાં તણાવ વધતાં, ઈઝરાયલની ચિંતા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ આ પરિસ્થિતિ અંગે પોતાનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા બંને તેમના મહાન મિત્રો છે અને તેઓ ઈચ્છે છે કે બંને દેશો આ મુદ્દાનો ઉકેલ લાવે. નેતન્યાહૂનું આ નિવેદન એ વાતનો સંકેત આપે છે કે ઈઝરાયલ માટે આ બંને દેશો સાથેના સંબંધોનું સંતુલન જાળવવું કેટલું મહત્વનું છે. અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેનો સંબંધ ખૂબ જૂનો અને ગાઢ છે, અને તેમાંથી જ એક માન્યતા ઊભી થઈ છે કે જો ઈઝરાયલ સાથે સારા સંબંધો હોય, તો અમેરિકા સાથે પણ સારા સંબંધો જળવાઈ રહે છે. આ માન્યતાનું કારણ અમેરિકામાં યહૂદી લોબીનો લાંબા સમયથી રહેલો પ્રભાવ છે. જોકે, તાજેતરના સમયમાં આ સમીકરણમાં પરિવર્તન આવી રહ્યું છે. જેમ કે, અમેરિકન યહૂદી સમિતિએ ભારત પ્રત્યે અમેરિકાના વલણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ ચિંતા એ દર્શાવે છે કે ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ અને તેના આક્રમક વલણને કારણે પરંપરાગત ભાગીદારીઓ સામે પડકાર ઉભો થઈ રહ્યો છે. અમેરિકાના એક અધિકારીએ યુક્રેન પર રશિયાના આક્રમણને 'મોદી યુદ્ધ' ગણાવ્યું હતું, જે ભારતીય વિદેશ નીતિ પર સીધો પ્રહાર હતો. આવા નિવેદનો ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારીમાં તણાવ પેદા કરી રહ્યા છે, જે ઈઝરાયલ જેવા મિત્ર દેશો માટે પણ ચિંતાનો વિષય છે. ઐતિહાસિક સંદર્ભ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા : ભારત અને ઈઝરાયલના સંબંધોનો ઈતિહાસ રસપ્રદ રહ્યો છે. ભારતને સ્વતંત્રતા મળ્યાના નવ મહિના પછી ઈઝરાયલનું અસ્તિત્વ આવ્યું, પરંતુ જવાહરલાલ નેહરુએ તરત જ તેને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપી ન હતી. આ પાછળનું કારણ પેલેસ્ટાઈન મુદ્દે ભારતનું વલણ હતું. ભારતે ઈઝરાયલને માન્યતા આપ્યા પછી પણ રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવા માટે લગભગ ૪૨ વર્ષ રાહ જોઈ. આ સંબંધો ૧૯૯૨માં, સોવિયેત યુનિયનના વિઘટન અને ભારતના આર્થિક સુધારાઓના સમયગાળા દરમિયાન સ્થાપિત થયા. તે સમયે, ભારતને નવા આર્થિક અને લશ્કરી ભાગીદારની જરૂર હતી અને ઈઝરાયલ એક વિશ્વસનીય વિકલ્પ તરીકે ઉભરી આવ્યું. જોકે, ઈઝરાયલ પાસેથી લશ્કરી હથિયારો મેળવવા માટે પણ અમેરિકાની મંજૂરી જરૂરી હતી, જેણે આ ત્રિપક્ષીય સંબંધોને વધુ જટિલ બનાવ્યા. તાજેતરના વર્ષોમાં, ભારતની વિદેશ નીતિ 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' ના સિદ્ધાંત પર આધારિત રહી છે. ભૂતપૂર્વ રાજદૂત તાલમિઝ અહેમદના મતે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તે પોતાની વિદેશ નીતિને અમેરિકાના દબાણ હેઠળ કામ કરવા દેશે નહીં. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓમાં ભારતની સક્રિય ભાગીદારી અને ઈરાન જેવા મુદ્દાઓ પર અમેરિકાથી અલગ વલણ અપનાવવું આ વાતનો પુરાવો છે.

# કચ્છના માતાના મઢની જમીન મંગળ ગ્રહ જેવી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કચ્છમાં માતાના મઢ પાસેની જમીન મંગળ ગ્રહ જેવી જ છે. આ લાલ જમીન પર હવે ઈસરોનું સંશોધન કાર્ય ટૂંક સમયમાં શરૂ થઈ રહ્યું છે. સૌથી પહેલા આપણે મંગળ ગ્રહ વિશે અને તેની જમીન વિશે જાણકારી મેળવીએ. મંગળ, જેને લાલ ગ્રહ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સૂર્યમંડળનો ચોથો ગ્રહ છે. તેનું નામ રોમન યુદ્ધના દેવતા માર્સ પરથી પડ્યું છે. તેની સપાટી પર આયર્ન ઓક્સાઈડ (લોહ ઓક્સાઈડ)ની હાજરીને કારણે તેનો રંગ લાલ દેખાય છે, જે તેને અનન્ય ઓળખ આપે છે. મંગળ પૃથ્વી કરતાં નાનો છે અને તેનું કદ પૃથ્વીના અડધા જેટલું છે. મંગળનું વાતાવરણ ખૂબ જ પાતળું છે, જેમાં મુખ્યત્વે કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન અને આર્ગોન વાયુઓ હોય છે. આ પાતળા વાતાવરણને કારણે સપાટી પરનું તાપમાન ખૂબ નીચું રહે છે, જે સરેરાશ -૬૨ ડિગ્રી સેલ્સિયસ જેટલું હોય છે. મંગળ પર ઋતુઓ પણ હોય છે, જેમ કે પૃથ્વી પર હોય છે, પરંતુ તે વધુ લાંબી અને તીવ્ર હોય છે. આ ઋતુઓથી મંગળની સપાટી પરના બરફના ધ્રુવીય પ્રદેશોના સંકોચન અને વિસ્તરણ થતા જોવા મળે છે. મંગળ પર અનેક અજાયબીઓ છે, જેમાં સૌથી ઊંચો પર્વત ઓલિમ્પસ મોન્સનો સમાવેશ થાય છે.




આ પર્વત એવરેસ્ટ કરતાં ત્રણ ગણો ઊંચો છે અને સૂર્યમંડળનો સૌથી મોટો જ્વાળામુખી છે. આ ઉપરાંત, મંગળ પર વેલેસ મેરીનરિસ નામની એક વિશાળ ખીણ પણ છે, જે પૃથ્વી પરની ગ્રાન્ડ કેન્યોન કરતાં અનેક ગણી મોટી છે. આ વિશાળ ભૂસ્તરીય રચનાઓ દર્શાવે છે કે મંગળનો ઈતિહાસ ભૂસ્તરીય રીતે ખૂબ જ સક્રિય રહ્યો છે. વૈજ્ઞાનિકો માટે મંગળ સૌથી વધુ રસપ્રદ ગ્રહોમાંનો એક છે કારણ કે તેના પર ભૂતકાળમાં પાણી અને કદાચ જીવનના પુરાવા મળ્યા છે. હાલમાં પણ, વિવિધ દેશો દ્વારા મોકલાયેલા રોવર્સ (જેમ કે ક્યુરિયોસિટી અને પર્સીવરન્સ) મંગળની સપાટી પર પાણીના અસ્તિત્વ અને સંભવિત જીવંત સૂક્ષ્મજીવોના સંકેતો શોધી રહ્યા છે. આ મિશનો દ્વારા મળતી માહિતી ભવિષ્યમાં મનુષ્યને મંગળ પર વસવાટ કરવા માટેની શક્યતાઓનો માર્ગ મોકળો કરી શકે છે. મંગળ ગ્રહ પર જીવનની શોધ એ વૈજ્ઞાનિકો માટે હંમેશા એક રસપ્રદ અને પડકારજનક વિષય રહ્યો છે. તાજેતરમાં, એક નવા સંશોધનમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે મંગળ પર ૪.૫ બિલિયન વર્ષ પહેલાં જ જીવન હતું. આ દાવો એક એવી પદ્ધતિ પર આધારિત છે જે મંગળ પરના શિલાખંડો (પથ્થરો)નું વિશ્લેષણ કરીને કરાઈ છે. આ સંશોધન મંગળ પર જીવનના પુરાવા શોધવા માટે એક નવી દિશા ખોલે છે. નવા સંશોધનનો આધાર યુએસજીએસ (USGS)ના વૈજ્ઞાનિકોએ કરેલા અભ્યાસ મુજબ, મંગળના શિલાખંડોમાંથી મળતા મલ્ટિફેક્શનેશન તત્વો આ સંકેત આપે છે કે મંગળ પર અગાઉ જીવન હતું. આ પદ્ધતિ પૃથ્વી પરના ખડકોમાં થતા પરિવર્તનોનો અભ્યાસ કરીને વિકસાવવામાં આવી છે. આ પદ્ધતિનો ઉપયોગ મંગળ પર મળેલા મિથેન અને ઓક્સિજન વાયુના સંગ્રહના પુરાવાઓનું વિશ્લેષણ કરવા માટે પણ થઈ શકે છે. રોવરની ભૂમિકા : મંગળ પર જીવનના પુરાવા શોધવામાં રોવર (રોબોટિક વાહન)ની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. મંગળ પર મોકલેલા રોવર્સ, ખાસ કરીને સ્પિરિટ અને ઓપોર્ચ્યુનિટી, મંગળની સપાટી પર ફરતા રહે છે અને જરૂરી સેમ્પલ એકત્રિત કરે છે. આ રોવર્સને ખાસ કરીને એવા વિસ્તારોમાં મોકલવામાં આવે છે જ્યાં પ્રાચીન જળસ્રોત હતા. વૈજ્ઞાનિકોને આશા છે કે આ રોવર્સ દ્વારા એકત્રિત કરવામાં આવેલા સેમ્પલ આ નવા સિદ્ધાંતને સાબિત કરવામાં મદદ કરશે. મંગળ પર મિથેન અને ઓક્સિજન : મંગળ પર મિથેન અને ઓક્સિજનની હાજરી એ પણ એક મહત્ત્વનો વિષય છે. પૃથ્વી પર જીવંત સૂક્ષ્મજીવો મિથેનનું ઉત્પાદન કરે છે, અને આ જ તર્ક મંગળ પર પણ લાગુ પડે છે. જો મંગળ પર મિથેનનું પ્રમાણ વધઘટ થતું જોવા મળે, તો તે ત્યાં જૈવિક પ્રવૃત્તિનો સંકેત હોઈ શકે છે. આ સંશોધનને ધ્યાનમાં રાખીને, મંગળ પર મોકલાતા ભવિષ્યના રોવર્સ અને યાનને એવા સાધનો સાથે સજ્જ કરવામાં આવશે જે મિથેન અને ઓક્સિજનની હાજરીને વધુ ચોક્કસાઈથી શોધી શકે. ભવિષ્યની શોધ : આ સંશોધનોનો મુખ્ય હેતુ મંગળ પર અગાઉના અને વર્તમાન જીવનના પુરાવા શોધવાનો છે. આ નવા દાવાએ ભવિષ્યના અવકાશ મિશનો માટે એક નવી દિશા પૂરી પાડી છે. જો આ સિદ્ધાંત સાચો સાબિત થાય, તો તે માનવજાત માટે એક ખૂબ જ મોટી ઉપલબ્ધિ હશે. તે ફક્ત મંગળ જ નહીં, પરંતુ બ્રહ્માંડમાં અન્ય ગ્રહો પર જીવનની શક્યતાઓ વિશે પણ આપણી સમજને વધુ વિસ્તૃત કરશે.

**મંગળ ગ્રહની જમીન લાલ હોવાથી ભારતના વૈજ્ઞાનિકોને તેમાં રસ પડ્યો છે.**

**કચ્છમાં માતાના મઢ પાસે મંગળ જેવી જ જમીન હોવાથી ઈસરોનું સંશોધન હવે કચ્છમાં હાથ ધરાઈ રહ્યું છે.**

# શબ્દ સંજોગ-૨૦૬૫



**આડી ચાવી :**
(૧) નાશ, પરાભવ (૩)
(૪) વંશાવળીની ચોપડી (૨)
(૬) વણકરનું એક ઓજાર (૨)
(૭) હલકી કિંમતનો એક સિક્કો (૩)
(૮) સોનાના હાથાવાળું (૪)
(૯) ચાલ, ધારો (૩)
(૧૦) ચલમ પીવાનો કપડાનો કકડો (૨)
(૧૩) માયાનો પ્રપંચ (૩)
(૧૪) ભૂલભરેલું, જૂઠું (૩)
(૧૫) સૂઝ, સમજણ (૪)
(૧૬) હાલ, દશા (૨)
(૧૭) મણનું કાટલું કે માપ (૩)
(૧૯) વાયદાના ભાવ પર રમાતો એક જુગાર (૩)
(૨૨) ટોણો, મહેણું (૨)
(૨૪) ખાવાની એક વાની (૨)
(૨૫) બગલ (૨)
(૨૬) ઘરમાં બધો વખત કામ કરતો ઘાટી નોકર (૪)
(૨૮) કાચાપણું, કચાશ (૩)
(૨૯) આક્ષેપ, તહોમત (૩)
(૩૦) ધનમાલ, પૂંજી (૪)

**ઉભી ચાવી :**
(૧) અનાજનું બજાર (૨)
(૨) મહેરબાન, કૃપાળુ (૩)
(૩) પર્વત કે સરોવરમાંથી વહેતો મોટો કુદરતી જળપ્રવાહ (૨)
(૪) દુનિયાદારીના સંબંધ કે કામકાજ (૪)
(૫) નાની હરડે (૩)
(૬) એકાંતરુ વર્ષ (૪)
(૯) એક જાતનો છોડ (૪)
(૧૧) ગૂંથેલી કોર (૨)
(૧૨) કુંટુંબ સાથે -બધાને દીધેલુ નોતરું (૪)
(૧૩) બે નદીઓનું મિલન, તે સ્થાન (૩)
(૧૪) એક જાતનું ભજિયું (૩)
(૧૮) રૂની એક જાત (૩)
(૨૦) ભરપટ્ટે, પેટ ભરીને, ખૂબ (૪)
(૨૧) પત-આબરૂ સાચવવી તે (૪)
(૨૩) મોટો સાવરણો (૩)
(૨૭) અન્ય, બીજુ (અ) (૨)
(૨૮) આજનું કામ, ....પર ન છોડાય (૨)

## શબ્દ સંજોગ-૨૦૬૪ જવાબ

**આડી ચાવી:** (૧) ગુણનિધિ (૩) વેતાળ (૭) શનય(શયન) (૯) કબૂલ (૧૧) નસ (૧૨) કબીર (૧૪) લટ (૧૬) જૂન (૨૦) કોરસ (૨૨) જનતા (૨૪) ડર (૨૭) ગર (૨૮) મેવાડ (૨૯) ખાતરી (૩૦) હોંશ (૩૧) મસાણ (૩૨) ડી.
**ઉભી ચાવી:** (૧) ગુલશન (૨) નિર્ભય (૪) તાસક (૫) ગરબી (૬) ભૂલ (૮) નસલ (૧૦) બૂટ (૧૩) રજૂ (૧૫) ટકો (૧૭) નજ(જન) (૧૮) કતાર (૧૯) રેડ (૨૧) રસડમ(રડમસ) (૨૩) નગરી (૨૫) રમેશ (૨૬) વખાણ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૯૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૫૨૯ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૩૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૮૦ | ૪૨૬ |
| તુવેર | ૧૦૪૦ | ૧૨૮૪ |
| ચણા પીળા | ૯૧૧ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૧૩૧ | ૨૦૮૪ |
| અડદ | ૧૧૯૧ | ૧૬૧૮ |
| મગ | ૧૩૫૦ | ૧૭૪૦ |
| ચોળી | ૮૪૦ | ૧૨૪૪ |
| વટાણા | ૧૨૩૪ | ૨૩૫૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૧૨૦ | ૧૩૮૫ |
| મગફળી જાડી | ૯૭૫ | ૧૧૧૫ |
| મગફળી જીણી | ૭૪૦ | ૧૧૧૦ |
| તલી | ૧૫૫૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૨૭૦ | ૧૩૦૮ |
| અજમો | ૮૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૭૫ | ૮૫૩ |
| સીંગફાડા | ૮૫૬ | ૧૩૨૫ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૨૭૪ |
| લસણ | ૫૦૦ | ૭૩૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ધાણી | ૧૩૧૧ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૭૫ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૩૫૫૦ |
| રાય | ૧૨૫૦ | ૧૫૯૫ |
| મેથી | ૮૪૦ | ૧૧૦૦ |
| કલોંજી | ૨૭૦૦ | ૪૦૯૫ |
| રાયડો | ૧૨૧૫ | ૧૨૭૯ |
| રજકાનું બી | ૫૩૦૦ | ૭૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૮૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૩૦૫ |
| ટમેટા | ૧૦૦ | ૬૦૦ |
| સુરણ | ૨૦૦ | ૭૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૬૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| કારેલા | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૬૦૦ |
| પરવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| કંટોળા | ૬૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૩૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૭૪ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૦૮૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા/એરંડી | ૭૫૧ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૩૫૧ | ૩૬૬૧ |
| કલંજી | ૧૦૦૧ | ૪૧૧૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૯૦૧ | ૧૫૨૬ |
| લસણ સુકું | ૫૦૧ | ૯૮૧ |
| ડુંગળી લાલ | ૫૬ | ૨૭૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૫૬૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૨૪૧ |
| રાયડો | ૧૧૯૧ | ૧૧૯૧ |
| રાય | ૧૪૪૧ | ૧૫૦૧ |
| મેથી | ૭૧૧ | ૧૦૫૧ |
| કાંગ | ૩૩૧ | ૫૦૧ |
| મગફળી જાડી | ૮૧૧ | ૧૧૨૬ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૨૧૪૧ |
| મગફળી નવી | ૬૦૦ | ૧૦૪૧ |
| તલ - તલી | ૧૩૦૧ | ૨૧૬૧ |
| ધાણી | ૧૨૦૧ | ૧૫૫૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૧૧ | ૭૮૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૨૦૧ | ૧૭૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૬ |
| વાલ | ૫૦૧ | ૮૮૧ |
| ચોળા/ચોળી | ૪૧૧ | ૯૭૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૧ |
| રજકાનું બી | ૧૮૦૧ | ૨૦૦૧ |
| અજમાં | ૪૬૧ | ૧૨૮૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૧૧ |
| વટાણા | ૨૨૩૧ | ૨૨૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૪૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૧૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૮૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૬૪૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૩૦૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વાલ | ૩૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૩૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૧ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૮ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચૂણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૩ | ૩૧ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૬૦ | ૪૪૦ |
| વાલોર | ૩૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૧૨ | ૧૩ |
| પાલક પુરા | ૪ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૮૦ | ૯૯૮ |
| શિંગ મોટી | ૫૦૫ | ૧૦૨૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૩૨૬ |
| શિંગ ફાડા | ૯૫૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૨૨૦ |
| તલ કાળા | ૨૫૨૦ | ૪૫૪૫ |
| તલ કાશ્મીરી | ૧૩૧૦ | ૨૩૫૦ |
| જુવાર | ૭૭૧ | ૭૭૧ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૭૪ |
| મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| અડદ | ૭૧૦ | ૧૨૯૦ |
| ચણા | ૮૯૦ | ૧૧૨૩ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કપાસ | ૮૪૦ | ૧૫૯૨ |
| તુવેર | ૧૧૦૫ | ૧૨૨૫ |
| વાલ | ૫૧૮ | ૮૧૫ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૩૫ |
| જીરૂ | ૩૪૭૬ | ૩૪૭૬ |
| ગમ ગુવાર | ૮૦૦ | ૮૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| મેથી | ૬૧૦ | ૮૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૪ |
| રજકાનુ બી | ૨૭૨૫ | ૩૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| રીંગણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૩૫૦ |
| શકકરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૪૫૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |
| ચોળા શીંગ | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૪૫૦ |
| ચીભડા | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૭૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૬૦ | ૧૨૮૦ |
| મગ ફળી | ૫૦૦ | ૧૦૪૫ |
| ઘઉ લોકવન | ૪૮૫ | ૪૮૫ |
| ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તલ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| ફાડા | ૮૦૦ | ૧૨૦૫ |
| મકાઈ | ૩૭૫ | ૩૭૫ |
| બાજરો | ૩૦૦ | ૩૩૪ |
| વાલ | ૭૧૦ | ૭૧૦ |
| મેથી | ૮૧૫ | ૮૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૦૦ | ૧૩૦૦ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૧ |
| સોયાબીન | ૭૬૫ | ૮૧૪ |
| બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| શીંગ ફાડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ચણા | ૭૪૫ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| તલ કાળા | ૩૩૫૦ | ૩૩૫૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૨૦ | ૧૪૧૦ |
| કપાસ જુનો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મગ ફળી | ૯૪૫ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૨૮૮૦ | ૩૫૦૦ |
| ઘઉં | ૪૭૧ | ૫૩૯ |
| અડદ | ૯૧૦ | ૧૧૯૦ |
| મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ નવો | ૧૦૦૦ | ૧૪૨૫ |
| કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| મગફળી નવી | ૮૦૦ | ૮૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તલ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૩૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૧૧ |
| બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| જુવાર | ૫૫૦ | ૭૨૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૫૦૦ | ૮૨૫ |
| તલ | ૧૦૦૦ | ૧૯૭૦ |
| તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| કપાસ | ૧૦૩૧ | ૧૫૭૫ |
| બાજરો | ૩૭૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૬૯ | ૬૧૧ |
| જુવાર | ૭૮૮ | ૭૮૮ |
| મગ | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૫૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૪ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૦ |
| મગફળી | ૫૦૧ | ૧૦૬૦ |
| એરંડા | ૧૧૯૬ | ૧૧૯૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૯૧ |
| મેથી | ૫૦૦ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૨૦ |
| બાજરો | ૩૪૫ | ૫૧૫ |
| ઘઉં | ૫૦૭ | ૫૫૪ |
| મગ | ૩૮૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૦૯૦ | ૧૧૪૫ |
| ચોળી | ૨૦૦ | ૨૫૫ |
| વાલ | ૬૫૦ | ૯૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૮ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૦૫ |
| મગ ફળી જીણી | ૭૦૦ | ૯૦૦ |
| એરંડા | ૯૦૦ | ૧૦૦૦ |
| તલ | ૧૬૦૦ | ૧૦૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૨૫૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૦૦ |
| લસણ | ૬૫૦ | ૧૨૦૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૨૦ |
| અજમો | ૧૦૫૦ | ૨૩૭૦ |
| ધાણા | ૫૦૦ | ૧૪૭૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ડુંગળી સૂકી | ૩૦ | ૨૫૦ |
| શીંગદાણા | ૧૧૭૫ | ૧૩૭૫ |
| વટાણા | ૮૦૦ | ૮૩૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૦૦ | ૧૦૨૮ |
| બાજરો | ૪૧૧ | ૫૮૧ |
| ઘઉં | ૪૮૦ | ૫૭૩ |
| રાઈ | ૧૦૦૦ | ૧૪૧૪ |
| જુવાર | ૫૫૦ | ૭૭૬ |
| અડદ | ૭૦૦ | ૧૬૦૧ |
| મગ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ | ૧૫૦૦ | ૧૮૫૫ |
| કાળા તલ | ૨૩૦૦ | ૪૫૦૦ |
| સોયબીન | ૮૦૦ | ૮૭૨ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૪૦ |
| રજકો | ૩૦૦૦ | ૫૮૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૫૦૧ | ૯૦૮ |
| શીંગ ૩૨ | ૫૯૩ | ૬૧૧ |
| બાજરી | ૨૦૦ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૬૨૦ |
| અડદ | ૧૦૪૨ | ૧૨૦૯ |
| મગ | ૮૦૦ | ૧૫૪૦ |
| મેથી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ચણા | ૬૯૦ | ૧૧૫૨ |
| તલ સફેદ | ૬૦૦ | ૨૧૩૦ |
| તલ કાળા | ૧૧૦૦ | ૪૨૭૫ |
| સોયાબીન | ૮૩૨ | ૮૩૨ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૪૦૧ |
| તુવેર | ૭૫૫ | ૧૨૦૬ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૩૬ |
| ડુંગળી સફેદ | ૮૯ | ૩૦૦ |
| નાળીયેર | ૯૯૯ | ૨૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# નવી દિલ્હીમાં અમરેલી જિલ્લાના સહકારી આગેવાનો માટે લીડરશિપ વર્કશોપનું સમાપન

**યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ પર સભ્યોને સર્ટિફિકેટ એનાયત કરાયા**

અમરેલી,તા.૦૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ, નવી દિલ્હી ખાતે ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘમાં ત્રણ




દિવસીય 'લીડરશિપ ડેવલપમેન્ટ' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો તા.૦૮ના રોજ સમાપન સમારોહ યોજાયો, જેમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રશિક્ષણ વર્ગમાં અમરેલી જિલ્લાની ૫૨ વિવિધ સહકારી મંડળીઓના મંત્રીઓ, મેનેજરો, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને સદસ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સહકારી ક્ષેત્રના આગેવાનોમાં નેતૃત્વ અને સંચાલન કૌશલ્યો વિકસાવવાનો હતો. મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલા સમાપન સમારોહમાં તમામ સહભાગીદારોને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સરદાર પટેલ શરાફી સહકારી મંડળીમાંથી લોન લઈ પરત ન કરતા કોર્ટે આરોપીને છ માસની સજા ફટકારી

બગસરા, તા.૦૮

સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લિ., બગસરા શાખા દ્વારા દાખલ કરવામાં આવેલા ચેક રિટર્ન કેસમાં બગસરા કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપી કેતનભાઈ મનસુખભાઈ રાખોલિયા (રહે. જૂના વાઘણિયા, તા. બગસરા)ને છ માસની સજા અને ચેકની રકમ ભરપાઈ





કરવાનો આદેશ કર્યો છે. આરોપી કેતનભાઈએ મંડળી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦ની લોન લીધી હતી અને લોન પેટે ચડત રકમ રૂ.૨,૩૩,૦૬૮ ભરપાઈ કરવા માટે ચેક આપ્યો હતો. પરંતુ, આ ચેક બેંકમાં વટાવવા નાખતા 'એકાઉન્ટ બ્લોક'ના શેરા સાથે પરત ફર્યો હતો. આથી, મંડળીએ કાયદેસર નોટિસ પાઠવ્યા બાદ પણ રકમ ન ચૂકવાતા કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ બગસરા કોર્ટમાં ચાલતા, ફરિયાદી મંડળીના વકીલ પી. ડી.દાંતી (ગઢવી) અને વિશાલ જે.માળવીની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો અને ઉપરોક્ત સજા ફટકારી હતી.

# ધોરાજી મહેશ નગર વિસ્તારમાં બિસ્માર રસ્તાઓથી લોકો પરેશાન

ધોરાજી, તા.૦૮


તસવીર : નયન ફુહાડીયા

ધોરાજીના મહેશ નગર સહિતના વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજના ફેઝ-૨નું કામ પૂર્ણ થયા બાદ રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં છે, જેના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક રહેવાસી નાનજીભાઈએ જણાવ્યું કે, નગરપાલિકા દ્વારા આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવીને સીસી રોડ બનાવવાની કામગીરી શરૂ કરવી જોઈએ. આ અંગે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકાના સત્તાવાળાઓએ જણાવ્યું કે, તેમને રજૂઆત મળી છે અને આ સમસ્યાનું નિવારણ લાવવા માટે તાકીદની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, સ્થાનિકો ત્વરિત કાર્યવાહીની અપેક્ષા રાખી રહ્યા છે.

# ગુર્જર કડિયા જ્ઞાતિ સમાજ, અમરેલી સંચાલિત શ્યામ યુવક મંડળના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

અમરેલી,તા.૦૮

ગુર્જર કડિયા જ્ઞાતિ સમાજ, અમરેલી દ્વારા સંચાલિત શ્યામ યુવક મંડળના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ વરણીથી સમાજમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન મળશે અને મંડળની પ્રવૃત્તિઓને નવો વેગ મળશે. નવા વરાયેલા હોદ્દેદારોમાં અધ્યક્ષ વિજયભાઈ મારુ, પ્રમુખ ચીમનભાઈ જે. ટાંક, ઉપપ્રમુખ



નિલેશભાઈ સી. ચૌહાણ અને હરેશભાઈ એચ. ટાંક, મંત્રી રાજેશભાઈ એચ. ટાંક, સહમંત્રી બાબુભાઈ વી. પોરીયા, ખજાનચી અશોકભાઈ પી. મકવાણા અને સહ ખજાનચી તરીકે જે.પી. ટાંકની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત, ભીખાભાઈ એમ. ચાવડા, નંદલાલભાઈ એલ. વાઘેલા, ચિરાગભાઈ એસ. સોલંકી, ભાવેશભાઈ એ. ચૌહાણ, હિરેનભાઈ સી. સોલંકી, રાજુભાઈ જી. ગેડિયા, મનોજભાઈ કે. જાદવ, અને વાલજીભાઈ કે. ચાવડાની કારોબારી સભ્યો તરીકે વરણી કરવામાં આવી છે. આ તમામ હોદ્દેદારો સમાજના યુવાનોના વિકાસ અને સેવા કાર્યો માટે કાર્યરત રહેશે.

# પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા ટીબી હોસ્પિટલને સીટી સ્કેન બિલ્ડીંગ માટે રૂ. ૨૫ લાખનું વધુ દાન અપાયું

ટીંબી, તા.૦૮



સ્વામી નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલ, ટીંબીના સેવાકાર્યથી ખૂબ પ્રભાવિત થયેલા પદ્મશ્રી અને હાસ્યકલાકાર ડૉ. જગદીશભાઈ ત્રિવેદીએ હોસ્પિટલના સી.ટી. સ્કેન બિલ્ડીંગના નિર્માણ માટે રૂ.૨૫ લાખનું વધુ અનુદાન આપવાનો સંકલ્પ કર્યો છે. તેમણે અમેરિકાથી ફોન પર હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરા સાથે વાતચીત દરમિયાન આ જાહેરાત કરી હતી. આ નવા અનુદાન સાથે, ડૉ. જગદીશ ત્રિવેદીનું વ્યક્તિગત યોગદાન રૂ.૫૧ લાખ થયું છે. આ ઉપરાંત, તેમના સૌજન્યથી આ બિલ્ડીંગ માટે અન્ય રૂ.૨૫ લાખનું દાન પણ પ્રાપ્ત થયું છે. આથી, સી.ટી. સ્કેન બિલ્ડીંગ માટે તેમનું કુલ અનુદાન રૂ.૭૬ લાખ જેટલું થયું છે.

**પ્રભાસ પાટણ આરોગ્ય કેન્દ્રમાં દર મહિને ૨૫૦થી વધુ કેસ**

# સોમનાથ પ્રભાસ પાટણ-ભીડીયામાં કરડતા કૂતરાઓનો ત્રાસ

**રસ્તે નીકળતા રાહદારીઓની પાછળ દોડતા કૂતરાઓને કારણે ભયનો માહોલ**

ગીર સોમનાથ,તા.૦૮



સોમનાથ પ્રભાસ પાટણ અને ભીડીયા વિસ્તારમાં રખડતા કૂતરાઓનો આતંક દિવસેને દિવસે વધતો જાય છે. રસ્તાઓ પર દોડતા અને રાહદારીઓને કરડતા કૂતરાઓના કારણે લોકોમાં ભયનું વાતાવરણ છે. પ્રભાસ પાટણ સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. નિતીન પટેલ મુજબ દર મહિને કૂતરા કરડવાના અંદાજે ૨૦૦થી ૨૫૦ કેસ નોંધાય છે. ખાસ કરીને આ કેસ પ્રભાસ પાટણ અને ભીડીયા વિસ્તારના વધુ જોવા મળે છે.

આજે પણ એક ઘટના બની હતી જેમાં ચેતન દવે પાછળ કૂતરાઓ દોડ્યા હતા, જોકે તેઓ માંડ માંડ બચી ગયા. સ્થાનિક નાગરિકોના મતે નગરપાલિકા પાસે શ્વાન પકડવાની ગાડી હોવા છતાં તે માત્ર દેખાવ પૂરતી ફરતી હોય છે, કૂતરાઓ પકડવાની કામગીરી થતી નથી. રસ્તે નીકળતા રાહદારીઓની પાછળ દોડતા કૂતરાઓને કારણે ભયનો માહોલ ઉભો થયો છે. નગરજનોનું માનવું છે કે નગરપાલિકાએ તાત્કાલિક કડક પગલાં લઈ જનહિતની પ્રાથમિક ફરજ બજાવવી જોઈએ.

# ધોરાજીમાં LCBએ છોટા હાથીમાંથી રૂ.૧.૨૪ લાખનો દારૂ ઝડપ્યો



ધોરાજી,તા.૦૮

રાજકોટ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ ધોરાજીમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે ધોરાજીના પાવર હાઉસ પાસે પાટીદાર ઓઈલ મીલ નજીક એક છોટા હાથી પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ વાહનમાંથી રૂ.૧,૨૪,૦૦૦ થી વધુ કિંમતનો અંગ્રેજી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને રૂ.૧,૫૦,૦૦૦ ની કિંમતનું છોટા હાથી મળીને કુલ રૂ.૨,૭૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ દારૂના જથ્થાનો આરોપી ધોરાજીના પાવર હાઉસ પાસે રહેતો અનવર ઈબ્રાહીમ કુરેશી હોવાનું સામે આવ્યું છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૬૩/૨૦૨૫

અરજદાર :- શ્રી બટુકરાય શિવશંકર પુરોહિત
રહે. મોટા આંકડીયા, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી બટુકરાય શિવશંકર પુરોહિત તેઓના પુત્ર બાલકૃષ્ણ બટુકરાય પુરોહિત ની જન્મ (તા.૧૮/૦૭/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૬૨/૨૦૨૫

અરજદાર :- શ્રી બટુકરાય શિવશંકર પુરોહિત
રહે. મોટા આંકડીયા, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી બટુકરાય શિવશંકર પુરોહિત તેઓના પુત્ર જગદીશકુમાર બટુકરાય પુરોહિત ની જન્મ (તા.૦૨/૧૧/૧૯૭૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૧૬/૨૦૨૫

અરજદાર : શ્રી વરૂ જિલુભાઈ બાલુભાઈ
સરનામુ : મું.ધૈસપુર તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધૈસપુર
મું.ધૈસપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધૈસપુર** ગામના **શ્રી વરૂ જિલુભાઈ બાલુભાઈ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી લાડુબેન બાલુભાઈ વરૂ નું મરણ** તા.૨૧/૧૨/૧૯૭૨ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલિયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૮/૦૭/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**જાહેર સૂચના**

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના નીચે જણાવેલ વિભાગના પૂર્ણ થયેલ વિભાગ પર સ્થિત રેલ્વે લાઇન અને પરિસરના તમામ વપરાશકર્તાઓને સૂચના આપવામાં આવે છે કે 25000 વોલ્ટ,50 Hz AC ઓવરહેડ ટ્રેક્શન વાયર 20.09.2025 ના રોજ અથવા તે પછી વિદ્યુતીકૃત કરવામાં આવશે.

તે તારીખથી, ઓવરહેડ ટ્રેક્શન લાઇનને દરેક સમયે લાઇવ ગણવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિ ઉપરોક્ત ઓવરહેડ લાઇનની નજીક જઈ શકશે નહીં અથવા કામ કરી શકશે નહીં.

| વિભાગ | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના અમરેલી - ખીજડિયા ગેજ રૂપાંતરણના કામના સંબંધમાં ખીજડિયા યાર્ડ loc 52/10 (Km CH: 52/575.00) થી loc 0/13 (Km CH: 0/969.00) સુધી. | 20.09.2025 ના રોજ અથવા તે પછી |

**AC 25 KV ટ્રેક્શનનો પરિચય**
**રસ્તા વપરાશકર્તાઓને ચેતવણી**

જાહેર જનતાની માહિતી માટે જણાવવામાં આવે છે કે **પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના અમરેલી - ખીજડિયા ગેજ રૂપાંતર કાર્યના સંદર્ભમાં, ખીજડિયા યાર્ડ વિભાગ પર LOC 52/10 (કિમી CH: 52/575.00) થી LOC 0/13 (કિમી CH: 0/969.00) સુધી 20.09.2025 ના રોજ અથવા તે પછી ખીજડિયા યાર્ડ વિભાગ પર 25 kV ઓવરહેડ ટ્રેક્શન વાયરને વિદ્યુતીકૃત કરવામાં આવશે.** ઉપરોક્ત વિભાગમાં કોઈ લેવલ ક્રોસિંગ નથી અને તેથી કોઈ ઊંચાઈ ગેજ આપવામાં આવ્યો નથી.

જાહેર જનતાને આથી સૂચિત કરવામાં આવે છે કે વાહનો લોડ કરવાના હેતુથી ઉપર દર્શાવેલ ઊંચાઈનું અવલોકન કરો અને ખાતરી કરો કે રોડ વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં ઊંચાઈ માપકનું ઉલ્લંઘન ન કરે.

વધુ પડતી ઊંચાઈના ભારણના જોખમો નીચે મુજબ છે:-

૧. ઊંચાઈ માપક માટે જોખમો અને તેના પરિણામે રસ્તા તેમજ રેલવે લાઇનમાં અવરોધ.

૨. વાહનોમાં લઈ જવામાં આવતા સાધનોની સામગ્રી માટે જોખમ.

3. આગનું જોખમ અને સંપર્કમાં આવવાથી અથવા જોખમી નિકટતાને કારણે વાહકને જીવનું જોખમ.

RJT 115

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૧૮/૨૦૨૫

અરજદાર : શ્રી જેરામભાઈ બચુભાઈ ચાવડા
સરનામુ : મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી જેરામભાઈ બચુભાઈ ચાવડા** એ તેમના **પુત્ર નામે શ્રી અરજણભાઈ જેરામભાઈ ચાવડા નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલિયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૮/૦૭/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૨૬/૨૦૨૫

અરજદાર : શ્રી પ્રવિણભાઈ ભાણભાઈ વરૂ
સરનામુ : મું.નાગેશ્રી તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી પ્રવિણભાઈ ભાણભાઈ વરૂ** એ તેમના **માતા નામે શ્રી લાભુબેન ભાણભાઈ વરૂ નું મરણ** તા.૨૪/૦૮/૨૦૨૨ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલિયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૨૦/૨૦૨૫

અરજદાર : શ્રી બાંભણીયા સોમાઈબેન સાદુળભાઈ
સરનામુ : મું.શિયાળબેટ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી બાંભણીયા સોમાઈબેન સાદુળભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી મનુભાઈ સાદુળભાઈ બાંભણીયા નો જન્મ** તા.૨૦/૦૯/૧૯૯૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલિયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૮/૦૭/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૧૯/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ ભાણાભાઈ કાદુભાઈ
સરનામુ : મું.શિયાળબેટ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી શિયાળ ભાણાભાઈ કાદુભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી અમરતભાઈ ભાણાભાઈ શિયાળ નો જન્મ** તા.૧૯/૧૦/૨૦૧૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલિયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૮/૦૭/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# આધાર મતદાર યાદી માટે માન્ય ઓળખ કાર્ડ, પરંતુ નાગરિકતા માટે નહીં' : સુપ્રીમ

નવીદિલ્હી, તા.૮

બિહાર મતદાર યાદી સઘન સુધારણા કેસમાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આધાર મતદાર યાદી માટે માન્ય ઓળખ કાર્ડ છે, પરંતુ તેને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. સોમવારે, બિહાર મતદાર યાદી સઘન સુધારણા કેસની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવાનો નિર્દેશ




આપ્યો જેથી મતદારો પણ મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરવા માટે આધાર કાર્ડ રજૂ કરી શકે. ચૂંટણી પંચે પહેલાથી જ ૧૧ દસ્તાવેજોની યાદી બહાર પાડી છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે કયા મતદારો મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરી શકે છે. અગાઉ આ દસ્તાવેજોમાં આધાર કાર્ડનો સમાવેશ થતો ન હતો, પરંતુ હવે સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેના તમામ અધિકારીઓને સૂચનાઓ જારી કરવા પણ કહ્યું છે જેથી આધાર કાર્ડ સ્વીકારી શકાય. જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. ચૂંટણી પંચને મોટી રાહત આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચૂંટણી પંચને આધાર કાર્ડની માન્યતા તપાસવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે 'માત્ર વાસ્તવિક નાગરિકોને જ મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે, જે લોકો નકલી દસ્તાવેજોના આધારે વાસ્તવિક હોવાનો દાવો કરે છે.

# રશિયા પર હજુ વધુ પ્રતિબંધો અને ટેરિફ લાદી શકાય છે, ટ્રમ્પની સોશિયલ મીડિયા પર પોસ્ટ

વોશિંગ્ટન,તા.૮

રશિયાએ યુક્રેનના ઉર્જા માળખાં પર મોટા પાયે મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ પછી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ મીટ દરમિયાન જાહેરાત કરી અને કહ્યું કે તેઓ યુક્રેન યુદ્ધ પર રશિયા પર ગૌણ પ્રતિબંધો લાદવા માટે તૈયાર છે. ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા સામે કડક વલણ અપનાવ્યું અને કહ્યું કે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ અને શાંતિ કરાર ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધો અમલમાં રહી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર લખ્યું, 'રશિયા હાલમાં યુદ્ધના મેદાનમાં યુક્રેનને ખરાબ રીતે કચડી રહ્યું છે. હું યુદ્ધવિરામ અને અંતિમ શાંતિ કરાર ન થાય ત્યાં સુધી મોટા પાયે બેંકિંગ પ્રતિબંધો, અન્ય પ્રતિબંધો અને ટેરિફ લાગુ કરવાનું વિચારી રહ્યો છું. રશિયા અને યુક્રેન, હવે ટેબલ પર આવો,



તે પહેલાં કે ખૂબ મોડું થઈ જાય.' તમને જણાવી દઈએ કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પર ગૌણ પ્રતિબંધો લાદવાની જાહેરાત વૈશ્વિક રાજદ્વારીમાં તણાવ વધારી શકે છે, કારણ કે રશિયા અને પશ્ચિમી દેશો વચ્ચે તણાવ પહેલાથી જ ચરમસીમાએ છે અને આવી સ્થિતિમાં, ટ્રમ્પનું પગલું વૈશ્વિક અર્થતંત્ર અને ઉર્જા બજારને પણ અસર કરી શકે છે. ટ્રમ્પે અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે વાત કરી હતી અને શાંતિ કરાર માટે તેમના પર દબાણ કર્યું હતું. ઝેલેન્સ્કી સાથે વાત કરતા પહેલા, તેમણે અલાસ્કામાં પુતિન સાથે પણ વાત કરી હતી.

# લાલ કિલ્લા પરિસરમાંથી સોનાના કળશનો ચોર હાપુરમાંથી પકડાયો


(એચ.એસ.એલ),હાપુર,તા.૮

દિલ્હીના લાલ કિલ્લાના ૧૫ ઓગસ્ટ પાર્કમાંથી આશરે ૧ કરોડ રૂપિયાની કિંમતનો સોનાનો કળશ ચોરાઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવીમાં દેખાતા આરોપીની હાપુડમાંથી ધરપકડ કરી છે. તેનું નામ ભૂષણ વર્મા છે. પૂછપરછ દરમિયાન તેણે દાવો કર્યો હતો કે એક નહીં પણ ત્રણ કળશ ચોરાઈ ગયા હતા. આમાં ઓછામાં ઓછા ૩ લોકો સામેલ હતા. દિલ્હીના લાલ કિલ્લાના ૧૫ ઓગસ્ટ પાર્કમાંથી ૧ કરોડ રૂપિયાની કિંમતના સોનાના કળશ ચોરાઈ જવાના કેસમાં દિલ્હી પોલીસને મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીની ધરપકડ કરી છે. સીસીટીવી ફૂટેજના આધારે તેની ઉત્તર પ્રદેશના હાપુડમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ એ જ આરોપી છે જે સીસીટીવીમાં બેગમાં છુપાવીને કળશ લઈ જતો જોવા મળ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીનું નામ ભૂષણ વર્મા છે.

# યુપીના ઘણા જિલ્લાઓમાં નદીઓના પૂરનો કહેર, સેંકડો ગામો ટાપુ બની ગયા

આગ્રા,તા.૮

આગ્રા, મથુરા, અલીગઢ, શાહજહાંપુર, પીલીભીત, કાનપુર દેહાત, ઈટાવા, ઔરૈયા, ફર્રુખાબાદ, કન્નૌજ સહિત ઘણા જિલ્લાઓમાં નદીઓમાં પૂરનો કહેર ચાલી રહ્યો છે. સેંકડો ગામો ટાપુ બની ગયા છે. શહેરની વસાહતોમાં પણ પાણી ઘૂસી ગયું છે. લાખો લોકો પ્રભાવિત થયા છે. લોકોને સુરક્ષિત સ્થળોએ



મોકલવામાં આવી રહ્યા છે. એનડીઆરએફ, એસડીઆરએફ ટીમોએ મોરચો સંભાળી લીધો છે.

યમુનામાં પાણી વધવાને કારણે આગ્રાની એક લાખથી વધુ વસ્તી પૂરની ઝપેટમાં આવી ગઈ છે. યમુનાની બીજી બાજુ દયાલબાગથી જીવાણી મંડી અને તેધી બાગિયાથી કાચપુરા સુધી ૫૦ થી વધુ વસાહતો અને મહોલ્લાઓ પૂરમાં ડૂબી ગયા છે. સદર, એતમાદપુર, ફતેહાબાદ અને બાહ તહસીલ વિસ્તારના ૬૦ થી વધુ ગામો પૂરથી પ્રભાવિત છે. મથુરામાં, લક્ષ્મીનગરના ઘરોના એક માળ સુધી યમુના નદીના પાણી ભરાઈ ગયા છે. સદર બજાર, જયસિંહપુરા સહિત વૃંદાવનની ડઝનબંધ વસાહતોમાં પાણી ભરાઈ ગયા છે.

# યુપીમાં યુનિવર્સિટીઓ અને કોલેજોની તપાસનો આદેશ આપતા મુખ્યમંત્રી યોગી

લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે યુનિવર્સિટીઓ અને કોલેજોની સઘન તપાસનો આદેશ આપ્યો છે. રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં માન્યતા અને પ્રવેશની તપાસ કરવામાં આવશે. આ માટે, દરેક જિલ્લામાં એક વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવશે. તમામ અભ્યાસક્રમોની યાદી અને મંજૂરી પત્રની તપાસ કરવામાં આવશે. માન્યતા ન હોય તેવા અભ્યાસક્રમો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ૧૫ દિવસની અંદર સરકારને એકીકૃત અહેવાલ સુપરત કરવો ફરજિયાત છે. વિભાગીય કમિશનર તપાસ પર સીધી દેખરેખ રાખશે. જો તપાસ દરમિયાન કોઈ સંસ્થા ગેરકાયદેસર પ્રવેશ અથવા માન્યતા પ્રાપ્ત ન હોય તેવા અભ્યાસક્રમો ચલાવતી જણાશે, તો સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી વ્યાજ સાથે પરત કરવાની રહેશે.

# પીએનબી છેતરપિંડી કેસ : ભારતે મેહુલ ચોકસીની કસ્ટડીની શરતો પર બેલ્જિયમને ખાતરી આપી

(એચ.એસ.એલ),નવી દિલ્હી,તા.૮

પંજાબ નેશનલ બેંક સાથે લગભગ ૧૩૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં વોન્ટેડ ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. ભારતે મેહુલ ચોક્સીની કસ્ટડીની શરતો અંગે બેલ્જિયમને ઔપચારિક ખાતરી આપી છે. તાજેતરમાં, બેલ્જિયમની અપીલ કોર્ટે ફરી



એકવાર મેહુલ ચોક્સીની જામીન અરજી ફગાવી દીધી હતી. બેલ્જિયમની કોર્ટનો આ નિર્ણય ચોક્સીના પ્રત્યાર્પણ કેસની સુનાવણી પહેલા જ આપવામાં આવ્યો હતો. મેહુલ ચોક્સી લાંબા સમયથી ભારતીય એજન્સીઓથી બચવા માટે એક દેશથી બીજા દેશમાં દોડી રહ્યો છે. પરંતુ આ વખતે તે બેલ્જિયમમાં ફસાયો છે. હવે મેહુલ માટે ભાગવું ખૂબ મુશ્કેલ છે. સીબીઆઈ દ્વારા મોકલવામાં આવેલી પ્રત્યાર્પણ વિનંતીના આધારે એપ્રિલમાં ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હતી. બેલ્જિયમની કોર્ટે ચોક્સીના આગોતરા જામીન પણ ફગાવી દીધા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોક્સીએ ૨૨ ઓગસ્ટના રોજ બીજી જામીન અરજી દાખલ કરી હતી અને નજરકેદ રહેવાની ઓફર કરી હતી, પરંતુ અપીલ કોર્ટે આ અઠવાડિયાની શરૂઆતમાં તેને ફગાવી દીધી હતી.

# દિલ્હીના મુખ્યમંત્રીના પતિ એક સત્તાવાર બેઠકમાં જોવા મળતા આપે ઉઠાવ્યા સવાલો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

દિલ્હીમાં એક નવો રાજકીય ખળભળાટ મચી ગયો જ્યારે મુખ્યમંત્રી રેખા ગુપ્તાના પતિ મનીષ ગુપ્તા, જે એક ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર છે, તેમની સાથે સરકારી બેઠકમાં બેઠા જોવા મળ્યા. આમ આદમી પાર્ટીએ આ અંગે પ્રશ્નો ઉઠાવ્યા. આપ પ્રભારી સૌરભ ભારદ્વાજે વેબ શ્રેણી 'પંચાયત' માંથી કાલ્પનિક ગામ 'ફુલેરા'નો ઉલ્લેખ કર્યો, જેમાં એક મહિલા નેતાના પતિ અનૌપચારિક રીતે સત્તાનો ઉપયોગ કરે છે.

હવે ભાજપે આ અંગે પ્રતિક્રિયા આપી છે. ભાજપે કહ્યું કે મુખ્યમંત્રી રેખા ગુપ્તાના પતિ સરકારી બેઠકમાં બેસે છે તેમાં કંઈ ખોટું નથી. દિલ્હી ભાજપના નેતા હરીશ ખુરાનાએ કહ્યું, "સૌ પ્રથમ, મનીષ ગુપ્તા માત્ર રેખા ગુપ્તાના પતિ નથી, પરંતુ તેઓ શાલીમાર



બાગના મતવિસ્તારનું પણ ધ્યાન રાખી રહ્યા હતા. તેઓ એક સામાજિક કાર્યકર તરીકે તેનું ધ્યાન રાખી રહ્યા હતા. તેમણે લોકોના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. પ્રતિનિધિ તરીકે, તેઓ ત્યાં બેસી શકે છે. બેઠક ફક્ત અધિકારીઓ માટે નહોતી. કેટલાક રહેવાસીઓ પણ ત્યાં બેઠા હતા."

ભાજપ નેતાએ અગાઉ દિલ્હી સરકારનું નેતૃત્વ કરતી આપ પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓ "નિરાશ" છે. તેમણે કહ્યું, આપ ભયાવહ છે. તે ફક્ત એક મતવિસ્તાર માટે હતી.

# રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસનો હંગામો : કાયદો અને વ્યવસ્થા અંગે પ્રદર્શન

(એચ.એસ.એલ),જયપુર,તા.૮

રાજસ્થાન વિધાનસભાના સત્ર દરમિયાન કોંગ્રેસનું પ્રદર્શન ચાલુ છે. ચોમાસા સત્ર દરમિયાન, કોંગ્રેસના ધારાસભ્યો દરરોજ કોઈને કોઈ મુદ્દા પર વિરોધ કરી રહ્યા છે. સોમવારે ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં, કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાનું આક્રમક વલણ ચાલુ રાખતા વિધાનસભા પરિસરમાં કાયદો



અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતી. કોંગ્રેસના ધારાસભ્યો કાયદો અને વ્યવસ્થા બગડવાના નારાવાળા પોસ્ટરો લઈને વિધાનસભા પહોંચ્યા હતા. તેમણે ભજન સરકાર હોશ મેં આઓ, સરકારી જમીનોની ચોરી બંધ કરો જેવા નારા લગાવ્યા. વિરોધ પક્ષના નેતા ટીકારામ જુલીના નેતૃત્વમાં, કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા પરિસરમાં સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને ભાજપ સરકારને કાયદો અને વ્યવસ્થાના મોરચે નિષ્ફળ ગણાવી હતી.

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સેના સાથે અથડામણમાં એક આતંકવાદી ઠાર

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૮

જમ્મુ-કાશ્મીરના કુલગામ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ અથડામણમાં સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો છે. માર્યા ગયેલા આતંકવાદીનો મૃતદેહ સફરજનના બગીચામાં પડેલો હતો. તેની તસવીર પણ સામે આવી છે. સેના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, કુલગામમાં ચાલી રહેલ અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો છે. કુલગામના ગુદર જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન, ગોળીબારના કેટલાક અવાજો સંભળાયા હોવાનું કહેવાય છે. ત્યારબાદ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, બે આતંકવાદીઓ આ વિસ્તારમાં ફસાયેલા છે.

# ૧૪ સપ્ટેમ્બરે 'વાઈબ્રન્ટ ગુજરાત' પ્રી-નવરાત્રી ફેસ્ટિવલનું રાજસ્થાનના ઉદયપુર ખાતે આયોજન

ગાંધીનગર,તા.૮

યુનેસ્કો દ્વારા માનવતાના 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે માન્યતા મેળવનાર ગુજરાતના સુપ્રસિદ્ધ લોક નૃત્ય ગરબાના તાલે હવે ઉદયપુરવાસીઓને પણ રમાડવા રાજ્ય સરકાર દ્વારા નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આગામી તા.૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના



રોજ સાંજે ૭:૩૦ કલાકે ફિલ્ડ ક્લબ, ઉદયપુર ખાતે પ્રથમવાર "વાઈબ્રન્ટ ગુજરાત પ્રી-નવરાત્રી ફેસ્ટિવલ ૨૦૨૫" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.


## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૬૧/૨૦૨૫

અરજદાર :- શ્રી પાટણવડીયા કનુભાઈ વશરામભાઈ
રહે. ગોપાલગ્રામ, તા.ધારી જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી પાટણવડીયા કનુભાઈ વશરામભાઈ તેઓના પુત્ર સુરેશભાઈ કનુભાઈ પાટણવડીયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


# એશિયા કપ આજથી શરૂ : પ્રથમ મેચમાં અફઘાનિસ્તાન અને હોંગકોંગ વચ્ચે ટક્કર

(એચ.એસ.એલ),અબુધાબી,તા.૮

એશિયા કપ ૨૦૨૫ આજથી શરૂ થવાનો છે. મંગળવારે, ગ્રુપ બીની પહેલી મેચ અબુ ધાબીમાં અફઘાનિસ્તાન અને હોંગકોંગ વચ્ચે રમાશે. બંને ટીમો ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરવાનો લક્ષ્ય રાખશે. અહીં અમે તમને સંભવિત પ્લેઈંગ ૧૧ અને બંને ટીમોના લાઈવ સ્ટ્રીમિંગ સંબંધિત માહિતી આપીશું. આ વખતે આ ટુર્નામેન્ટ ટી ૨૦ ફોર્મેટમાં રમાશે. એશિયા કપ ૨૦૨૫ અફઘાનિસ્તાન અને હોંગકોંગ વચ્ચેની મેચથી શરૂ થશે. જો આપણે બંને ટીમોના હેડ-ટુ-હેડ રેકોર્ડ પર નજર કરીએ, તો અફઘાનિસ્તાન હોંગકોંગ પર ઉપર છે. અત્યાર સુધીમાં બંને ટીમો વચ્ચે પાંચ ટી૨૦ મેચ રમાઈ છે. અફઘાનિસ્તાને ત્રણ મેચ જીતી છે જ્યારે હોંગકોંગે ફક્ત બે મેચ જીતી છે. આવી સ્થિતિમાં, યાસીન મુર્તઝાની આગેવાની હેઠળની



હોંગકોંગ ટીમ રાશિદ ખાનની આગેવાની હેઠળની અફઘાનિસ્તાન ટીમ સામે રેકોર્ડ સુધારવા પર નજર રાખશે. હોંગકોંગની ટીમ, જે ગઈ આવૃત્તિ (૨૦૨૩) નો ભાગ ન હતી, તે આ વખતે ટૂર્નામેન્ટમાં વધુ સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. ટીમના ટોચના ક્રમના બેટ્સમેનોની જવાબદારી મોટી રહેશે. બાબર હયાત અને અંશુમાન રથ પર ઝડપી શરૂઆત આપવાની જવાબદારી રહેશે. મધ્યમ ક્રમમાં, અનુભવી કિંચિન શાહ બેટિંગનો આધાર સાબિત થઈ શકે છે અને તે માર્ટિન કોટઝી અને ઝીશાન અલી જેવા બેટ્સમેન પાસેથી સમર્થનની અપેક્ષા રાખશે.

# કાર્તિક આર્યન સાથે શ્રીલીલા જોવા મળી : ડેટિંગની અફવા વચ્ચે અભિનેતાના ઘરે ગણેશ ચતુર્થી ઉજવી



(એચ.એસ.એલ),મુંબઈ,તા.૮

કાર્તિક આર્યન તેના પ્રેમ જીવન માટે સતત હેડલાઈન્સમાં રહે છે, જે તાજેતરમાં તેની સહ-અભિનેત્રી શ્રીલીલા સાથે જોવા મળ્યો હતો. બંને ઘણીવાર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવતા જોવા મળે છે, જેના કારણે અટકળોને વેગ મળ્યો છે. ફરી એકવાર, શ્રીલીલા તેની માતા સાથે કાર્તિકના મુંબઈ સ્થિત ઘરે ગણેશ ચતુર્થી ઉજવણીમાં જોવા મળી હતી, જ્યાં બંને પરિવારો એક ખાનગી સમારોહમાં તહેવાર ઉજવવા માટે ભેગા થયા હતા. રેડિટ પર બંનેના ફોટા વાયરલ થઈ રહ્યા છે, જેમાં કાર્તિક અને શ્રીલીલા સફેદ એથનિક પોશાકમાં સાથે જોવા મળે છે.

## સુવઇથી ગવરીપરને જોડતો પુલ પાણીના ભારે પ્રવાહને કારણે ધરાશાયી

# કચ્છના રાપરમાં આભ ફાટ્યું: ૧૫ ઈંચ વરસાદ



ભુજ,તા.૮

કચ્છ જિલ્લામાં કુદરત ફરી એકવાર ત્રાટકી છે. રાપર તાલુકામાં ગત રાત્રે પડેલા ભારે વરસાદે સમગ્ર વિસ્તારને ધમરોળી નાખ્યો છે. ૧૫ ઈંચથી વધુ વરસાદ થવાને કારણે નદી-નાળા છલકાઈ ગયા અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ભારે વરસાદના કારણે સુવઈથી ગવરીપર ગામને જોડતો મુખ્ય પુલ તૂટી ગયો, જેના કારણે બંને ગામ વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. રાપર તાલુકાના સુવઈથી ગવરીપરને જોડતો પુલ પાણીના ભારે પ્રવાહને કારણે ધરાશાયી થઈ ગયો હતો. આ પુલ દૈનિક પરિવહન માટે અત્યંત મહત્વનો ગણાતો હતો. પુલ તૂટી જતાં લોકો માટે અવરજવર મુશ્કેલ બની છે. વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જેના કારણે ગ્રામજનોને ખોરાક, દૂધ, દવાઓ જેવી જરૂરી ચીજવસ્તુઓ મેળવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. માત્ર રાપર જ નહીં, કચ્છ જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે. ૧૫ ઈંચ વરસાદ થવાને કારણે ગામડાંમાં પાણી ઘૂસી ગયા છે. નાનાં-મોટાં તળાવ છલકાઈ જતાં ઘરોમાં પાણી પ્રવેશી ગયું છે. રાપર શહેરના બજાર વિસ્તારમાં દુકાનોમાં પાણી ભરાઈ જતાં વેપારીઓને ભારે નુકસાન થયું છે. રસ્તાઓ પર કાદવ ફેલાતા લોકો માટે ચાલવું મુશ્કેલ બની ગયું છે. હવામાન વિભાગે કચ્છ જિલ્લામાં આજે પણ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આગામી ૨૪ કલાક દરમિયાન વધુ ભારે વરસાદ પડવાની શક્યતા છે. ખાસ કરીને રાપર, ભચાઉ, ભુજ અને મુંદ્રા તાલુકામાં વરસાદ ત્રાટકવાની આગાહી છે.

### બનાસકાંઠામાં આભ ફાટ્યું, જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી

ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે રવિવારે બનાસકાંઠામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બનાસકાંઠામાં રવિવારે ૨૪ કલાકમાં ૧૬ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો. જોકે, સોમવારે સવારથી વરસાદની તીવ્રતા ઓછી થઈ છે. ધોધમાર વરસાદને કારણે આખું બનાસકાંઠા જળબંબાકાર થઈ ગયું છે. જોકે, હવામાન વિભાગ અનુસાર આજે પણ બનાસકાંઠામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

### રાજ્યમાં ૩૩૯ રસ્તાઓ બંધ, ૧૨ સ્ટેટ અને ૨ નેશનલ હાઈવે પર ભરાયા પાણી

રાજ્યભરમાં વરસી રહેલા ભારે વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી છે. છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં માર્ગવ્યવહારને ગંભીર નુકસાન થયું છે, જેના પરિણામે કુલ ૩૩૯ રસ્તાઓ હાલમાં બંધ થઈ ગયા છે. આ રસ્તાઓમાં મહત્વના નેશનલ અને સ્ટેટ હાઈવેનો પણ સમાવેશ થાય છે, જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદના કારણે બંધ થયેલા રસ્તાઓમાં પંચાયત હસ્તકના ૩૧૦ માર્ગો અને અન્ય ૧૫ માર્ગોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, મહત્વના ૧૨ સ્ટેટ હાઈવે અને ૨ નેશનલ હાઈવે પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આના કારણે લાંબા અંતરની મુસાફરી પણ ખોરવાઈ ગઈ છે. આ ઉપરાંત, છોટાઉદેપુર અને સાબરકાંઠા જિલ્લામાં ૧-૧ નેશનલ હાઈવે પણ બંધ થઈ ગયા છે, જે આંતરરાજ્ય અને આંતરજિલ્લા પરિવહન માટે ગંભીર અવરોધ ઊભો કરે છે.

## દોલતપુરામાં હાઈડ્રોપાવર પ્લાન્ટના કર્મચારીઓના મોત મામલે દોષીત સામે કાર્યવાહી કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદ,તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ દોલતપુરામાં હાઈડ્રોપાવર પ્લાન્ટના સંચાલકો, અધિકારીઓની ગુનાહિત બેદરકારીના લીધે પાંચ નિર્દોષ કર્મચારીઓએ જીવ ગુમાવ્યા છે. મોરબી બ્રિજ કાંડના આરોપી જયસુખ પટેલની બીજી એક કંપની અજન્ટા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ જેના ૧૨ મેગાવોટના ટર્બાઈન પ્લાન્ટમાં ૪ સપ્ટેમ્બરના રોજ પાંચ કર્મચારીના ડૂબી જવાથી મૃત્યુ થયા છે. જીવ ગુમાવનાર વ્યક્તિઓના શરીર ૫૦ કલાકે એસડીઆરએફની મહામહેનતથી પરિવારોને મળ્યા હતા. કડાણા ડેમ દ્વારા ૩ લાખ ક્યુસેક પાણી છોડવાની લેખિત માહિતી દ્વારા સાવધ કરવામાં આવ્યા હતા છતાં કર્મચારીઓને ૨૦૦ ફુટ નીચે કામ કરવા શું કામ મોકલવામાં આવ્યા હતા તે મોટો સવાલ છે. સાવધ કરવાની માહિતી જેની પુષ્ટિ મીડિયાના માધ્યમથી મંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા ઘટના બાદ કરવામાં આવી હતી.

## ગુજરાત વિધાનસભા ચોમાસું સત્ર : વિપક્ષના સૂત્રોચ્ચાર અને સવાલો સાથે સત્રનો તોફાની પ્રારંભ

ગાંધીનગર,તા.૮



ગુજરાત વિધાનસભાના ચોમાસા સત્રનો પ્રારંભ જ તોફાની બન્યો છે. સત્ર શરૂ થાય તે પહેલાં કોંગ્રેસ ધારાસભ્યો મનરેગા કૌભાંડ મુદ્દે ગૃહ બહાર સૂત્રોચ્ચાર કરી મંત્રી બચુભાઈ ખાબડના રાજીનામા અને ધરપકડની માગણી કરતા દેખાવમાં ઉતર્યા હતા. હાથમાં પ્લેકાર્ડ સાથે કોંગ્રેસ ધારાસભ્યો સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા. નોંધનીય છે કે કોંગ્રેસે અગાઉ વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ જાહેર કર્યો હતો, પરંતુ રાજ્યમાં વરસાદી પરિસ્થિતિને કારણે તે કાર્યક્રમ રદ કરવામાં આવ્યો. છતાંય ગૃહ બહાર વિરોધનો માહોલ તીવ્ર રહ્યો હતો. વિપક્ષના ભારે વિરોધ વચ્ચે પંચાયત મંત્રી બચુ ખાબડ ગૃહમાં ગેરહાજર રહ્યા હતા. ચાલતી ચર્ચા મુજબ સરકારે ઈરાદાપૂર્વક તેમને ગૃહમાં હાજર ન રાખવાનો નિર્ણય કર્યો છે જેથી સીધી ટીકાનો સામનો ન કરવો પડે. આ સત્ર પહેલાં આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ રોડ અને રસ્તાની ખરાબ હાલત મુદ્દે અનોખી રીતે વિરોધ કર્યો હતો. વિધાનસભા સચિવાલયના પ્રવેશદ્વાર પર મીડિયા સમક્ષ ''રસ્તા બનાવો'' જેવા સૂત્રો ધરાવતા બેનરો બતાવીને તેમણે વિરોધ નોંધાવ્યો. દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા, તાજેતરમાં થયેલી ધરપકડ બાદ, કોર્ટના શરતી જામીન મળતાં આજે સત્રમાં પોલીસ જાપ્તા વચ્ચે હાજર રહ્યા હતા. તેમની હાજરી ખાસ ચર્ચાનો વિષય બની હતી.

## વિધાનસભા સત્રમાં ભાગ લેવા ધારાસભ્ય ચૈતર વસાવાના પેરોલ મંજૂર

ગાંધીનગર,તા.૮

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા જેલમાંથી મુક્ત થયા છે. તેને વિધાનસભા સત્રમાં ભાગ લેવા માટે પેરોલ પર છોડ્યા છે. ચૈતર વસાવાને મળવા તેના સમર્થકો અને શુભેચ્છકો સેન્ટ્રલ જેલ ખાતે મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. ખાસ વાત એ છે કે કોર્ટ દ્વારા તેને ફક્ત ૩ દિવસ માટે જ પેરોલ મંજૂર કરવામાં આવી છે. ચૈતર વસાવા પર જાનથી મારી નાખવાના પ્રયાસનો આરોપ છે. માહિતી મુજબ, તેણે તાલુકા પંચાયત પ્રમુખ પર હુમલો કર્યો હતો અને તેને મારવાની કોશિશ કરી હતી. આ મામલામાં ચૈતર વસાવા સામે ગંભીર કેસ નોંધાયો હતો અને તે જેલમાં હતા. ૬૩ દિવસના જેલવાસ બાદ ચૈતર વસાવાને આજે શરતી જામીન મળ્યા છે. તેણે નર્મદાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પણ પહેલા જામીન માટે અરજી કરી હતી. આ અરજી ૧ સપ્ટેમ્બરે રાજપીપળા કોર્ટમાં પહોંચાડવામાં આવી હતી. કોર્ટએ ચૈતર વસાવાને ફક્ત વિધાનસભા સત્રમાં હાજરી આપવા પેરોલ પર મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે.

## જૂનાગઢના ધારાસભ્યના નકલી પીએ બનીને છેતરપિંડી કરતી પતિ-પત્નીની જોડી ઝડપાઈ

જૂનાગઢ,તા.૮



જૂનાગઢમાંથી સરકારી કામ અને ગુજરાત સચિવાલયમાં નોકરી અપાવવાની લાલચે લોકોને ફસાવનાર મૂળ આકોલવાડીના અને હાલ રાજકોટના કોઠારીયા રોડ પર રહેતા રવિ અને પ્રજ્ઞા ચોવટીયા નામના પતિ-પત્નીની જોડીને જૂનાગઢ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી છે. જૂનાગઢના ફરિયાદી શિલ્પાબેન ભાખરની ફરિયાદના આધારે પોલીસે આ દંપતીની ધરપકડ કરી અને અંદાજે ૧ કરોડ ૧૮ લાખ ૩૮ હજાર ૭૫૦ રૂપિયાની છેતરપિંડીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. પોતાને ધારાસભ્યના પીએ તરીકે ઓળખાવીને રવિ અને પ્રજ્ઞા ચોવટીયા જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોને શોધીને તેમને ગુજરાત સચિવાલયમાં સરકારી નોકરી, દિલ્હી હાઈવે કોરિડોરમાં વૃક્ષો વાવવાનો કોન્ટ્રાક્ટ, ભેંસોના તબેલા બનાવવા માટે ૩ કરોડની સરકારી સહાય અને બેંકોમાંથી આર્થિક ધિરાણ અપાવવાની લાલચ આપીને છેતરતા હતા.

## વિધાનસભાના ચોમાસું સત્ર બાદ મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શક્યતા

ગાંધીનગર,તા.૮



તા.૮થી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આજથી શરૂ થઈ ગયું છે. પરંતુ ગાંધીનગરમાં હાલ વિધાનસભા સત્રને છોડીને બીજી જ વાતની ચર્ચા ઉપડી છે. આ ચર્ચા મંત્રીમંડળના બદલાવની છે. ચોમાસું સત્ર બાદ સરકારમાં મોટી ઉથલપાથલની શક્યતા છે. દિવાળી તહેવાર પહેલાં ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થવાની છે. મંત્રીમંડળનું વિસ્તરણ નક્કી છે જેમાં ટીમ સૌરાષ્ટ્રની બને તેવી પૂરેપૂરી શક્યતા લાગી રહી છે. ગુજરાતમાં મંત્રીમંડળના વિસ્તરણની વાતો લાંબા સમયથી અફવા સ્વરૂપે ચાલી રહી છે. હવે શ્રાદ્ધ પક્ષ પણ શરૂ થઈ ગયો છે. એટલે હાલ કશું નહીં થાય એવું નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. હવે મોટી ચર્ચા એ પણ છે કે, નવા કયા ચહેરાઓને મંત્રીમંડળમાં સમાવેશ કરી શકાય છે, તો આવામાં ભાજપમાં લાંબી લાઈન લાગેલી છે. યુવા ચહેરાને તક મળી શકે છે. તેમજ સારી ઈમેજ ધરાવતા અને લોકસંપર્કમાં માહેર ધારાસભ્યોને તક મળી શકે છે. સાથે જ કોરી ઈમેજ ધરાવતા નેતાઓને પણ મંત્રીપદ મળી શકે છે. જે નામ હાલ ચર્ચાઈ રહ્યા છે, તેમાં જયેશ રાદડિયા, હાર્દિક પટેલ, હીરા સોલંકી, મહેશ કસવાલા, કૌશિક વેકરીયા, સંદીપ દેસાઈ, સંગીતા પાટીલ, અર્જુન મોઢવાડિયા છે.

## વિધાનસભા પરિસરમાં પૂર્વ સીએમ વિજય રૂપાણીના તૈલચિત્રનું અનાવરણ, અંજલિ રુપાણી ભાવુક થયાં

ગાંધીનગર,તા.૮



ગુજરાત વિધાનસભા પરિસરમાં સોમવારે એક ભાવનાત્મક ક્ષણ સર્જાઈ જ્યારે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીનું તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું. રાજ્યના મુખ્યપ્રધાન તરીકે સેવા આપનારા નેતાની યાદને ચિરંજીવ બનાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ તથા ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. વિજય રૂપાણીના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા. પત્ની અંજલિબેન રૂપાણી તથા પુત્ર ઋષભ રૂપાણીની હાજરીએ વાતાવરણ વધુ ભાવનાત્મક બનાવ્યું હતું. અનાવરણ સમયે અંજલિબહેનની આંખો ભીની થઈ જતાં સમગ્ર હોલમાં શાંત અને સંવેદનાથી ભરેલો માહોલ સર્જાયો હતો.

## હદ વટાવી : એએમસીનો કર્મચારી નિવૃત્તિ બાદ ૪ હજારની લાંચ લેતા ઝડપાયો

અમદાવાદ,તા.૮

ભ્રષ્ટાચારથી ખદબદતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તમામ સ્તરના કર્મચારી/અધિકારીઓ કરપ્શનમાં ગળાડૂબ છે. છેલ્લાં કેટલાંક મહિનાઓમાં અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના ભ્રષ્ટ અધિકારી અને કર્મચારીઓ લાખો રૂપિયાના લાંચકાંડમાં પકડાઈ ચૂક્યા છે. એન્ટી કરપ્શન બ્યૂરોની ટીમે સોમવારે એક નિવૃત્ત વૉર્ડ ઈન્સ્પેક્ટરને ૪ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપ્યો છે. વિરાટનગરના રહીશો અને વેપારીઓને જુદાજુદા બહાના બતાવી ૧ હજારથી લઈને ૧૦ હજાર રૂપિયા સુધી પડાવવામાં આવતા હોવાની રજૂઆતના પગલે અમદાવાદ શહેર એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એન. પટેલે ડીકોય ગોઠવી હતી. પીઆઈ ડી.એન. પટેલે ડીકોયરની મદદથી લાંચનું છટકું ગોઠવતા એએમસીના નિવૃત્ત કર્મચારી ગોવિંદભાઈ પરમાભાઈ ડાભી રૂપિયા ૪૦૦૦ની લાંચ સ્વીકારતા ઝડપાઈ ગયા હતા.

## મહાનગરપાલિકાઓમાં બાકી રહી જતા વિકાસ કાર્યો તાત્કાલિક શરૂ કરાશે : ઋષીકેશ પટેલ

ગાંધીનગર,તા.૮



રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભેના એક પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિના રાજ્યના તમામ પ્રજાજનોના વિકાસ કાર્યોમાં અવિરત પણે કાર્ય કરી રહી છે. રાજ્યમાં વધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનોયિજીત પણે આયોજન હાથ ધરીને વિકાસ કાર્યો હાથ ધરાયા છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી છે. તેમાં પણ વર્ષ ૨૦૨૫ ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરી છે. જેની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે. રાજ્યમાં ટી.પી. એક્ટની તમામ જોગવાઈઓ અને નિયમ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક કિસ્સામાં ટી.પી. સ્કીમની અમલવારીના વિલંબ થવાના ટેકનીકલ કારણો, કોર્ટ મેટર હોઈ શકે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનો પણ સત્વરે નિકાલ લાવીને તમામ ટી.પી. સ્કીમ સમયમર્યાદામાં જ પૂર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે જેમાં મહદ્અંશે સફળતા પણ મળી હોવાનું મંત્રીએ કહ્યું હતું.







